રમીલ્યો રંગે સાથ મધુર પ્રેમનાં પરાગમાં.
ઝુલાવતી અંગ પ્રીયે કળી વીકસવતી પ્રેમ રંગે—૦

(૫૭૨)—ભક્તરાજ અંબરીષ—

પ્રેમવશ થઇને જીવન તજી જામાં જીવન તજી જામાં ગમનકરી જામાં-પ્રેમ

તારી પરખ મેં નકરી સાચી સતી તું સુંદરી.
જો હત ખબર આવી, તો ન રાખત દૂરપરી,

સાહસ કરી નજા મુજ જીવ જાય તો જાયે.
એક વાર હું થી બોલી, ભલે જાય તો જાયે,

તારી પાછળ હું ભવમાં ભટકું અ તને મને.
કેમ શોભે હે શ્યામા, શોભે હે શ્યામા રહો રમણી રામ-પ્રેમ—

(૫૭૩)—સાગર-સરીતા—

પ્રેમરંગ ઝુલે ઝુલો હૈયાહાર, ઝીલો આ જોબનનો બહાર વ્હાલમાં.
કામણગારી જાઉં હું વારી, ચોર્યું ચિત શાણા સરદાર આજ મારૂં.
પ્રેમે ફસાવી દીવાની બનાવી, હું પણ દીવાનો દીલદાર આજ બન્યો.

પૈ (૫૭૪)—લક્ષ્મી-વિજય— પૈ

પૈસા માટે વેચે જે સુતા પ્યારી, નર્કનો તે નર અધિકારી,
બાળા બાંધે વૃદ્ધ કોટે અવિચારી, નર્કનો તે નર અધિકારી.
દોરે ત્યાં જાનવર ગરિબડી કન્યા ગાય, બિચારી,
પિડે પાપી, દુઃખ આપી, તે નિચ કશાઇ સ્યો ધારી—નર્કનો.
દિકરી કેરા દામ મેળવી, ખોટી ધરે ખુમારી,
દે, દાટી, થાય માટી...ધનની બને અંતે ખુવારી—નર્કનો.

પં (૫૭૫)—ઉદયભાણ— પં

પંથી પરદેશી ચિત સોંપી, હું આ ચા...લી, મનને ભાવે તે કરજો પુન્ય શા...લી.

સાખી. { તરસ્યાને ટીંગળાવવા, પડદે રાખી પ્રીત;
પુછ્યું પ્રવીણ પંથીએ, કોણ ગામની રીત.

શુભ સંદેશો લઇ સંચરજો, હું આ ચા...લી

સાખી. { મહા મહીનાનું માવઠું, જંગલ મંગળ ગીત;
સમય વિનાનું બોલવું, ત્રણેની એક રીત.

વ્હેલા મંડપ માંહી મળજો, હું આ ચા...લી.

(૫૭૬)—સતિ પાર્વતી—

પંખીડા તારૂં જાણીશ જગમાં ન કાંઇરે,
ધન નહિ તારૂં, તન નહિ તારૂં, સુંદરી સુત, માઇ ભાઇરે-
કર્મ સેલાણી એ આણી પુર્યાં, ફોગટ ફુલ્યો ફસાઇ એ-
સોહં, સાચો ભજ ભવ તરવા માયા આ સર્વ પરાઇરે-

(૫૭૭)—ખ્વાબે હસ્તી—

પંખના હોતો ઉડસકું બે પંખ ઉડાના જાય,
બિધના અયસીં બાતકરે કે પંખ દે લગાય
ચીડીયા બનકે મએ ઉડજાઉં, કોયલીયા બનબાસી.
બનબન દુઃખયારી કહું, અહીયનકર જીયરા ફુંકુ
અગમાં દુઃખ અગીયન ઝોકું,
બેકલ મતવારી ડોલું, અપના અપના દુઃખ કાસે બોલું.
બીરહા બીખ હીરદે ઘોલું—............. પંખના

પાં (૫૭૮)—કબિરભજન—રાગ ઝીંઝોટી. ૫દ. પા

પાંડવ કોણ કુમત તોએ લાગી, દીનાનાથ જપોરે અભાગી-પાંડવ.
જીવોકી વેધકચુ ધરમન કહીએ, સધરમકી કહીએ ભાઇ;-પાંડવ.
બડબડે મુનીવર મીલકર બેઠે. ઇઆમે કોણ કસાઇ -પાંડવ.
ચારોઇ વેદ તુમ જપજપ જાણ્યો, જ્યું બર લાખ્યો ભારા
રામહી નામકો મરમ ન જાણ્યો, તો કયુંકર ઉતરેગા પારા.-પાંડવ.
પઢપઢ પોઠી ભવનજો ભરાયો, અંતર ભેદ નપાયા,
કહેત કબીરા સુનભાઇ સાધુ-દુનીયા ધંધે લગાયા.-પાંડવ.-

ફ. ફુ. (૫૭૯)-મીસ, કાલીજાન—રાગ, ખમાચ-તાલ-ગજલ. ફ. ફુ

ફ્નામેં આહમેં, ફરિઆદ મેં, શીયોંમેં નાલેમેં,
સુનાઉ દર્દ દિલતાકાત, અગર હો સુન ને વાલમેં.
તુમ્હારા ઉઠકે જાના, ઔર મરીજ ગમકા મર જાના,
મેરી જાન ફદક હોતાહૈ, યહીતો મરને વાલે.

(૫૮૦)—બુદ્ધદેવ—

ફુલની પાંખડી લ્યો પ્રાણ—ફુલની.
ગણી અંતરની ઓળખાણ—ફુલની.
શ્યામ સલુણા, અમ ઘર આવ્યા, શ્રા કરીએ સન્માન;
નાથ નગિના પરિમલ ભીંના, મન માન્યા મેહમાન—ફુલની
ઝાઝું શું કહીએ સમજુને, સખી નયનના ભાણ;
વિમળ કમળ આ સરોવર જળનું, ભોગી ભ્રમર સુજાણ—ફુલની.

(૫૮૧)—બોલતોકાગળ—

ફુલણજી ફુલોમાં ઝાઝા ફુલ્યું ફુલ ફુલી કરમાશે,
ફુલી કરમાશે ખીલેલું આખર ખરી જાશે.
સરખા દીવસ ન ગયા કોઇના તેમ નહી જાશે,
રેંટતણી ઘટમાળ ભરાશે ભરાઇ ઠલવાશે—
ઉજળુ એ સહુ દુધ આજ અભીમાને દેખાશે
જયારે પડશે કાજી ઝપાટો ત્યારે સમજાશે—

બ (૫૮૨)—યોગકન્યા— બ

બની આવાર હું લાચાર, હૈયા હાર વિના;
જેવી જામિની લાગે, ચંન્દ્રના ચમકાર વીના,
જાણે વ્હલા વીના, વનીતાની વૃથા જીંદગી.
વાવેલી જેમ વેલી વૃક્ષના આધાર વીના.
શું કરૂં કોને કહું હાયરે સુંઝાઉંછું.
મીલાવે કોણુ મારો, માનીતો કીરતાર વીના.

(૫૮૩)—**ભજના** મૃત—ભજન—મીરાંબાઇ—
બલીહારી રસીયા ગીરધારી. સુંદર શ્યામ, હો તજી અમને
મથુરાંના વાસી, આવા નવ બનીયેજી
વાંસલડી વાગે વાહાલા, ભણકારા વાગેને, વૃજ વાટ લાગે ખારી;
સુંદર શ્યામ હો તજી અમને, મથુરાંના વાસી આવા ન બનીયે હોજી.
જમુનાનો કાંઠો વાહલા.ખાવાને દોડેને, અકળાવી દે છે મુને ભારી—સું.
વૃંદાવન કેરી શોભા, તમ વીણુ અમને તો,નવ લાગે હવે સારી—સું.
ગોવરધન તોળ્યો વ્હાલા, ટચલી આંગળીયે ને અમપર ઢોળ્યો ગીરધારી—સુ
મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણુ, શુદ્ધ પ્રભુ લેજો માહરી.
સુંદર શ્યામ હો તજી અમને, મથુરાંના વાસી આવા ન બનીયેજી—બ.

(૫૮૪)—**સુરદાસ**— **ભજન**—રાગ હોરી.—
બ્રજમેં હરી ધુમ મચાઇ ગોપી સરવે દેખન આઇ,
ઇતસે આઇ નવલ રાધીકા, ઉતસે કુંવર કનાઇ;
હીલ મીલ ફાગ ખેલે પરસપર, શોભા બરની નહિ જાઇ,
નંદ ઘર બાજ બંધાઇ.

રાધે સાન કરે સખી અનહુ, જીુઠ જીુઠ ઉઠવાઇ
પકરો પકરો મન મોહનસે, સબ સંપ કરો ધાઇ;
લાલેકુ નાચ નચાઇ.

તાલ પખાંજે વેણુ વાંજીત્ર, વાજે મંજીરા સરણાઇ,
ઉડત ગુલાલ, લાલ ભયે બાદલ, સઘળી વ્રજ સોહાઇ;
માનુ બાગવા જરાઇ,

મુગટ પીતાંબર છીન લીયો, શીર પર ચુંદડી હોડાઇ,
નેનુ જોયે નભ નેનુ બીચ, કાજળ નકવેશર પેરાઇ.
માનુની નાર બનાઇ.

કહેત રાધીકા સુન હોને; કૃષ્ણજી, કહાં ગઇ ચતુરાઇ,
કહા ગયો તેરો નંદબાવાજી, કહા ગઇ જશોમતી માઇ;
તને કયું ન લેત છોડાઇ.

ફગવા લીયા બીન જાને ન દુંગી, કરો મા કોટી ઉપાઇ,
લગી કઠોર કસર, સબ દીનકી મસ્તી નાચ નચાઇ;
બોત દીન સાંખ ઉખાઇ.

મુગટ પીતાંબર દીયોને રાધીકા, ફગવા લીયો મન ભાઇ,
સુર કહે છબી કહાં લગી બરનુ એસુખ બઇકુંઠ નાઇ;
કરત જન કોટી ઉપાઇ

(૫૮૫)—**મહમદ હુસેન**—રાગ, ભૈરવી, કવ્વાલી
બહુ તેરા સમજાયોરી, લાખનબાર, દીલ હમારા વે માનત નાહિરે—
સમઝ સમઝ પસ્તાયોરી, લાખનબાર—બહુ તેરા.

(૫૮૬)—પ્યારા સાહેબ— દાદરા—
બટવા ગુંથન દેરે મીજાજીયા બટવા ગુંથન દે,
હારે મોરે ગોરેકા બાલા જોબનવા—બટવા ગુંથન દે.
એક તો ચીકના પીપલકા પત્તા, દુસરા ચીકના ઘી;
તિસરા ચીકના ગોરીકા જોબન, યારેકા લલચેજી—હારે૦
નદી કીનારે બગુલા બૈઠા, ચુન ચુન મછલી ખાય.
સીંગી મછલીકા કાંટા લગારે, મેરા તલપ તલપ જીયા જાય—હારે

(૫૮૭)—મીસ અમીરજાન—રાગ. ગજલ. તાલ દાદરા,

બહકાને વાલે આપકે સબ યાર બનગયે,
સમઝાને વાલે મુફ્ત, ગુન્હેગાર બનગયે.
હમને દીયાથા દીલ ઉન્હે, દીલદાર જાનકર,
વહ લેકે મેરે દીલકો દીલ આજાર બનગયે.
કુબે હૈદરસે જો આબાદ હૈ સીના મેરા,
બનગયા દુરે નજીફ દીલકા નગીના મેરા,
ઉસ ગુલ બગેર રાતકો આતી નહીં હૈ નીંદ,
બીસ્તર કે તાર હકમેં, મેરે ખાર બનગયે.

(૫૮૮)—મીસ મહમદહુશેન—રાગ ગજલ. કવ્વાલી.

બહાર આઇ હે ગુલ ફુલે હૈ બાદલ ટીરકે આયેહૈ.
મહી નેકા ચમન ઇસવખ્ત, આખોં મેં સમાએ હે,
બને સમસો કમર ઓ રહે બને સબતુર કે ચહરે.
ખુદાને આપ આપને નુરસે તુમકો બનાયે હૈ,
મીલેગા એક મોતીકા મહલ, ફીર ખુલ્દ મે ઉસકો.
ગમે, હજરતમે જીસને એક આંસુભી બહાયા હૈ,
ગમે હજરતમે વહહે જીસને, નારે દોજખકો બુઝાયા હે,

આ (૫૮૯)—મીસ જાનકીબાઇ— I
બાજી બંસીયા તાન, રસબનીરે...બાજી
સુની શ્રવન ટેર ચીતભયો ઉચાટ, મોહે રહયો ન જાય.
બાવરીસી કર દીની..............બાજી,
મુરલીકી. ધુન સૂન, આઇ કહાન ઠીઠ, કરત કલોલન સબ સખીયન મીલ,
ધાઇ. ધાઇ. ધાઇરે, કહાન હેરત ઔર ગાએ સબગુની. બાજી.

આ (૫૯૦)—મીસ, જાનકીબાઇ—રાગ. કાફી. તાલ. દીપચંદ. બી
બીતે અવધ સૈંયા આવત નાહી, કાસો મેં ફાગખેલોં વ્રજમાંહી. બીતે.
ફાગુન જેહે બહુરી ફીરન ઐહે, ગયેલો જોબન ફીર આવત નાહી—કા૦

બુ (૫૯૧)—મહમદહુસેન—ગજલ, કવ્વાલી— બુ

બુતોમેં કયોં યે શાને, કબરી આઇ હોતી જાતી હે,
કે ઉનકે કબજેમેં સારી, ખુદાઈ હોતી જાતી હે.
મેં ઉનકો પ્યાર કરતા હું, વો ગાલી મુજકો દેતા હે,
ભલાઇ કરતા જાતા હું, બુરાઇ હોતી જાતી હે.
મેં બરસોંસે કહા થા, મુદતોંસે રૂસે બયઠે.
ખુદાકા શુક્ર હે અબ તો રસાઇ, હોતી જાતી હય.
અગર મીલના નહિ મંજુર થા, તો સાફ કહ દેતે,
યે કયોં દરપર દાહ હમસે, બેવફાઇ હોતી જાતી હે.

(૫૯૨)—મુરીદેશક—

બુટ્ટી પીલાકે લુભા ગયા, કોઇ મુઝે બુટ્ટી પીલાકે, લુભા ગયા કોઇ,
બડે સવેરે જો કોઇ છાને, બાકી લંબી ઢીઢ.
ઉઢતી ચિડીયા બહ પહચાને. ગિરી સડકસે ઇંટ, સવેરે ફેર છીનેગી ભંગ,
દુસરા-પહેરે જો કોઇ છાને જ્યાં માદીકી કીચ,
ઘરકે જાને મર ગયે, ઓર આપ નસેકે બીચ. સવેરે ફેર છીનેગી ભંગ.
ચોથે-પહરે જો કોઇ છાને, બચા આપહી આપ,
દો જોરૂ, દો સુરરેકા, હો છબચ્ચેકા બાપ, સવેરે ફેર છીનેગો ભંગ.

બો (૫૯૩)—સુરદાસ— બો

બોલું કયા મેરે પ્યારેકી બતીયાં, બોલું કયા મોરી છોટીસી છતીયાં.
ન ધરિ, ચેન ધરિ, રેન ચુમિ, ચુમી, બદન શયનમેં દુઃખી કર ડારી.
પકરી જુગલ કર, બસન અલગ કર, કિય પરહરી ડર.

(સાખી) છતઅધરનપર-બોલું.

"મરોર ડારે જોરશે, મેરો કોમલ અંગ,
એસે નિરદય નાયકો મેં સુપને કરૂં ના સંગ,

(૫૯૪)—મહાશ્વેતા, કાદંબરી—

બોલો બોલોને અંતઃરના બેલી નાથ વિનવું કરજોડી.
પિયુ જાશો કયાં અમને છોડી, પ્રિતિ જન્મો જન્મ તણી તોડી...બોલો,

સાખી } હાથે આવી હંસલો ઉડી ગયો આકાશ,
જઇ બેઠો દુર દેશમાં, હવે મળવાની નહિ, આશ.

મદજાદા મેં કુળની છોડી, (૨) તમ સંગે મેં પ્રિતી જોડી (૨)
ઉઠો ઉઠો ને અંતઃરની કરીયે વાત,રાત રહી હવે થોડી...બોલો.બોલો.

(૫૯૫)—ઉદયભાણુ—

બોલો મારા પ્રેમી પોપટજી બોલો બોલો, બોલો બોલો, મેના બોલાવે,
ડોલો રંગ રશીયાજી ડોલો જરી ડોલો, ડોલો, ડોલો પ્યારી ડોલાવે,
મેનાં તારા વચનની વેણુવાગી, લાગીલાગી લગીત લેહ લાગી,

મેના વ્હાલી મેના કે, ના કહે, પણ જાગી. જાગી જાગી, અજબ
જોત જાગી,
પહેલાં પોપટજી પ્યારા રામજી સંભારો, વાહ ? મેના શું સતી સીતા વીસારો.
ચતુર સુજાણ સીતા રામ, ઉચરાવો......બોલો,
પોપટજી પાંજરૂં સોનાનું સજાવું, લાડલીહું લાલચુ નથી કે લલચાવું;
સોને રૂપે શું બીડ ભિતરની ભાગી......લાગી
રૂડા સુડાને રંગે રમાડું પાંખે ઘાલીને ફળ મીઠાં ખવાડું,
ભાવના ભુખ્યા શું ભાંવી ભાવના ભુલાવે ?—બોલો.

બં (૫૯૬)—ભજનામૃત— બં

બંગલા ખુબ બના મહારાજ, જ્યાંમે નારાયણ બોલે—ટેક.
ઇસ બંગલમેં દસ દરવાજા, બીચ પવનકા થંભા;
આવત જાવત કોઇ ન દેખે, એહીં બડા અચંબા—બં૦
ઇસ બંગલેમે બાજાં બાજે, બાજે સાંજ સબેરી;
તાજ પખાજ ઔર મૃદંગ બાજે, રાગ છત્તીશે ગાવે—બં૦
હાડ ચામકી દેહ બનાઇ, તામે નાડીકા કોટ;
બાજીગરને ખેલ મચાયા, રંગ ખુબ ચ્હડાયા.—બંગ
પાંચ પચ્ચીસકે પાતર નાચે, મનુવા તાલ બજાવે;
સુરતકી, તુરતકી મૃદંગ બાજે, રાગ છતીશેં ગાવે.—બં૦

(૫૯૭)—સરહારબા—

બંસીવાલા આજોરે મોરે દેશ, પ્યારી સામરી સુરત પ્યારે બેસ. બં.
આવન આવન કેહ ગયોજી, કર ગયો કોલ અનેક,
ગીણતાં ગીણતાં ગસ ગઇ, મોરી આંગળીઓની રેખ.
સાંવરીયા રસીલા સલુણા, પીયાને પીયાને જીયાયે કરૂંયે નીશાર,
હમતો જોગી પ્રેમકેરે, પ્રેમ હમારો દેશ,
શુદ્ધ નહીં પાઇ પીયુકી, તબલીયે આવેશ.

ભ (૫૯૮)— ભ

રાજકઠીઆરો—નોવેલમાંથી.)—રાજકઠીયારાની વાર્તા—રાગ.દોહરા
ભરતખંડમાં સુંદીર ગામ, ક્ષત્રિઓનું મોટું ધામ.
જજ્જા. નામે પુરનો ધણી, સ. નામે રાણી પદ્મણી.
એક દીવસ નીસાએ રાય, પાસે રાણી ચાંપે પાય;
રાત દીવસ નો પડયો વીવાદ, હોડ કરી કીધો સંવાદ;
ચઢા ઉતરી બેને થાય, રાજા હઠ માં આવી જાય;
હાજી આએ. હા જી હા કરી, કાળી રાત બપોરો ઠરી;
ગર્ભવંતી ગુણવંતી નાર, મુકી રાત્રે વન મોઝાર;

રોતી પિટતી રાણી ગઇ, વનમાં પ્રસુત પીડા થઇ;
જાયો, કુંવર. કન્હઇઓ કહાન, જાણે બીજો ભુપ નીધાન.
પણ પતી વીણુ સતીનું મન કચવાય, જુવે પુત્ર ને રોવાઇ જાય,
રાણી શોક અધીક મન ધરે, દીકરો લઇ દક્ષીણ પરવરે,
ભુખ દુઃખના આવ્યા દીન, સતી નું શરીર થાતું ક્ષીણ,
પુત્ર ઉગારી માતા મરે, સીદ્ધી સ્વર્ગ વીશે સંચરે;
મરતાં માદળીયું દીધ હાથ. માતાએ આશીશ સંગાથ,
કુંવર પછી કઠીયારો ઠર્યો, પીતા ક્રોધથી કુંવરી વર્યો,
સતીએ દળીદર કાઢ્યું દુર, ત્યાંથી આવ્યા શ્રી સીદ્ધપુર.
કપટે કંથ વગડે ઉપડે સતી સસરાને પાલવડે.
÷કહો જોગી પતી કયાં જઇ રહયા !.
–જંગલમાં જોગી થઇ ગયા;
÷કહો જોગી સસરા નું શું ! થયું ?
–પુત્ર વધુપર ચીત્તજ ગયું;
=કુંવર તાતથી કેમ પમાય !
÷સતીને પતીનો સમાગમ કયાં થાય.
–ઉતર સામી આંખ્યો કરો, દક્ષીણ સામી પીઠજ ધરો;
જયો પીતાશ્રી જોધાણ નાથ, લે સતી આ તુજ પતીનો હાથ

(૫૯૯)—કુસમાવતી—

ભલે જન કોટી યત્નો કરે, નશીબના લખ્યા લેખ ના ટળે.
પાપીયા પાપી પગલાં ભરે. અંતરમાં માથુ પટકી મરે,
હરિશ્ચંદ મહારાજ જુવોને. નિચ ઘેર સેવા કરે.
થઇ સેવકી સતિ લેખથી ગુમાન શાને કરે—નશીબ

પાંન્ડવ સરખાં ધર્મ ધારી પણ, વન વન રવડી મરે,
ચીર હરણ થયાં સતિનાં, પ્રભુ કૃપા ત્યાં કરે—નશીબ
સતીયા સુરજન ભલે કુ, જન થી, કદી પીડાતા ફરે,
સત્યમેવ જયતેજ સમજજો, ન્યાય નીયંતા કરે—નશીબ

(૬૦૦)—ખુરશીદે જરનીગાર—

ભરકે જામ સાકીયા પીલાના, શાદીયા મચાના પિયાકે, સંગ;
સોહાના સોહાના અજબ રંગ શહાના, જમાના પયમાના આહંગ.
તરાના સુનાના, જીગાના બજાના, ખુશીકા જમાના હય જાના ન સંગ,
જમાના રંગ, બનાના દંગ, દીખાના ઢંગ, આલા.
હાં, ચમન, ચમન, બજતેં, અમન, દીલ હય મધન ફુલનકા.

(૬૦૧)—બોડાણો—
ભલી ભક્તિની માળ, મણીમાણેક ને બાળ.
સજો સકળ જન અમુલ. ભૂષણ એ...ભલી.
ધરી માળા પ્રહલાદજીએ,કરી સહાય નરસિંહજીએ,પ્રીત ધરી ધરીયે...ભલી
ધન્ય છે ધ્રુવરાજ શુક્રમાં અચળ છે આજ. ભક્તિ મોતીને હંસ ચરજો
જનની જણે તો જણ દાઆતા કે શૂરજન.
નહિ તો રહે વાંઝણી. નુરના ગુમાવ જન.
ધન્ય છે ગંગામાતા, વાળી શ્રી સ્યામ તોળાતા. ભક્તિ ભૂષણ રાજજે..ભલી

(૬૦૨)—પ્રહ્લાદ વિજય)-વિરભક્તિ—
ભક્તિ નોકામાં બેશીનેરે, ભવતરીયે,
ભવતરીયેરે જગથી શાને ડરીયે-(૨)...ભક્તિ
અમૃત અળગું કરી વિષ શીદ પીજીએરે.
સૈંયા-છોડીને શીદ ભુમી થરીયેરે, જગથી શાને ડરીએ.(૨)...ભક્તિ
જુઠી છે જગની માયા, પ્રભુપદ સાચુંરે,
હેતે કરીને હરિવર વરીયેરે; જગથી શાને ડરીયે...(૨)...ભક્તિ.

(૬૦૩)—ધી-ડી-રે-સોં-બુક—ભજન, કાલીયા—કવ્વાલી !
ભજ રામ નામ પ્યારે, કયો બરથા જન્મ ખોયા—ભજ.
બિસયોમે લીન હોયા, હરી પ્રેમને ન રોયા,
તારી હય મીરાંબાઇ, ધનાં સુદન કસાઇ
ઉસને દયાલ હોકર, કઇ ઓરભી હે તારે
નીરદઇ તુને ભઇ, ન કીની કુછ કમાઇ
કુજાન મુહસે બોલો ધન શામકે જે કારે—ભજરામ,

(૬૦૪)—હરીચંન્દ્ર—
ભંગકા લોટા હા હા હા.
મન મેલ મિટે તન તેજ બઢે, હે રંગભંગકા લોટા,
સો સોગ ટલે, સો રોગ ચલે કરે ભંગ અંગકો મોટા.
જબતાર જમે આજાર રમે તો હાથ બઢેજી મોટા.
તન સાફ મન સાફ હો સાફ, આદમી ખોટા, લેકંદ દુધમેં ઘોલા,
તો ભંગ બના અલ મોલા, કરપાર ભંગકા ગોલા,
હરબાર બોલ બંબ ભોલા, ઉઠભોર—નહાકે ગંગ, ચઢાલે ભંગ,
જમાલે ઢંગ. નિરાલે ઢંગ, દીખાદે જંગીકુંદી સોટા=મનમેલ.
(તનહરા બદનહરા ખીલા હુવાંચમન હરા,ચારોં તરફ જમીઓ આસમાન.
સબ હરે હરે, સેત ધાન પ્રાન ઔર બેલ બાગબાન. સબ્જ ભંગપીકે
દેખલે જહાં સબ હરે હરે, ચાટમેં મીઠાસમેં ઉચ્ચાટમેં કભી ન્હોવે,
દેખલે મીઠાઇકી દુકાન. સબ હરે. હરે

શા (૬૦૫)—માલતિ માધવ— મા

ભાભી મારાં ડાહ્યાં ડમરાં, શા માટે શરમાવો,તમ શા માટે રીસાવો,
ઓ નાની નણુદલ આવો......આ કોણુ !......તારો પ્રાણુ !
હવે શા માટે શરમાવો (૨)......ઓ......

(૬૦૬)—બાપુસાહેબ—રાગ. ભજન. (બ્રહ્મભાવ. એકૈયતા)

ભાઇ નામ સમજીને બેસી રહીએ, આત્મા ચીન્હી મનમાં મગન થઇ
રહીએ—ભાઇ.

રામને, રહીમાન, તમે એકકરી જાણુજો, કૃષ્ન, ને કરીમ, એક કહીએ,
ખ્રીસ્તુ. બિસમીલામાં, ભેદ નથી ભાઇ, અને અલ્લા, અલખ, એક
લહીએ-ભાઇ.

ગફુર, ગોવિંદ, તમે એકકરી જાણજો. મઓલા, માધવ, ગુણ ગઇએ
હરી, હક તાલા,ના ભેદ મેં'તો જાણ્યો,હવે ચોર્યાસી માર નવ સહીએ,
—ભાઇ.

પરવર દીગાર પરમેશ્વર એકકરી જાણુજો, નબી નારાયણુ ચોટર્યા હૈએ.
ચોખા ને ચાવલ પણુ. ડાંગર એક એવું, સમજે તેના ચેલા થઇને
રહીએ—ભાઇ.

બાપુસાહેબ, નામ પાકછે, ને બીજું નાપાક, એવું સમજ્યા કહો ક્યાં
જઇએ.

જેજે સાધન કરે તેમાં પડેછે સાંસો. અમો બ્રહ્મ જળમાં નીત
ન્હાઇએ, ભાઇ.

(૬૦૭)—સુકન્યા સાવિત્રી—

ભુલે ભલભલા ભૂલેરે, (૨) ભાવીનો ભરમ કોથી નવ ખૂલે, (૨)
મુર્ખ મન ભલે ફુલાવ્યું ફુલે—ભૂલે.

અતિ ઉમંગથી કાર્ય આદરે, ધરી મન મોટી આશ;
અધવચથી વાડી લુટાઇ જાએ (૨) આખર થાય નિરાશ.—ભૂલે.
કાળ હીંચોળે અણુંમાત્રનું, જીવન ઝોલા ખાય;
રહે દુર નિરધાર્યું—ધાર્યું, ધરણીધરનું થાય.—ભૂલે.

ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ

ભાગ ૩ જો સમાપ્ત.

ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ

ઉર્ફે

રેકર્ડસ ગાયનમાળા.

ભાગ ૪ થો.

મ (૬૦૮)—ઉદય ભાણ— મ

મન માયાના કરનારારે, જરી જોને તપાસી તારી કાયા;
પુછી જોને તું પંડીત પુરાણુારે, કોના અમર છે લેખ લખાણા,
કાચી છે કાયા, માટીની માયા, છે માટીના ખેલ બનાયા;
શાણા તો સમજી અલગ થયા, પણ બાળક બિચારા લપટાયા.
લાખોની પાંખો ગઇ છે પીંખાઇ, જેના મુછપર લીંબુ ઠરાયા,
કાળના કુહાડાથી કોણ બચ્યું છે, ભલે રંક ભલે હોય રાયા;
સંધ્યાના જેવા રંગ સોનેરી, વંધ્યાને લાડ લડાયા,
જોબન ને તન ધન, તેવાં સમજવાં, પાણીમાંના પડછાયા.

(૬૦૯)—નંદબત્રીસી—

મન ભુલાવે, મન લોભાવે, મન ચકડોલે ચડાવેજી,
શુદ્ધ પવિત્ર નિરમળ આત્મા, કાદવે રગડોળાવેજી,
જોવાનું તે નવ દે જોવા, નહીં જોવાનું બતાવેજી,
અમૃત મુકી વિષયને વળગે, નરક મહીં લોભાવેજી.
વારૂ વનીતા વિશ્વ મહીં, છે કોઇ ગોરી, કોઇ કાળીજી,
ત્રપતી છે સંતોષ મહીં, નથી સુખકર ક્ષુદ્રા બાળીજી.

(૬૧૦)—કામલતા—

મને આવે છે ફેર, ઝુલે મારૂં મન. હો સખી,
બેસું રથમાં શી પેર, ઝુલે મારૂં મન. હો સખી. મને.
કેફ ચડી કોઇ કારમી, હું સમજું ના બેન, બ્હાવરી મને કરી.
લ્યો વિસામો સુંદરી, ઝીલી આ લ્હેર—ઝુલે મારૂં મન.

(૬૧૧)—વસંતપ્રભા—

મૃગ નયની, યુવતી રંગીલી, હાં, છબીલી હાં.
શોભતી મધુરી શી શિયળવંતી મૃગ.
શોળ સજી શણગાર સતિ, યે, પંથ પીયુનો જોતી.
રશ્મ ઝરતાં નયણાં હરખે, રતિ સરખી મન ગમતી—મૃગ.

(૬૧૨)—વિક્રમ ચરિત્ર—
મને સહાય કરશે મોરારીરે, વ્હારે ચડશે ગોવરધનધારી,
અહલ્યા ઉગારી, મીરાંબાઇ તારી, એની ચીન્તા કરીશ નહિ મારી–મને.
મંજારી બચ્ચાને બળતાં ઉગારી, મોક્ષ દીધો ગજેન્દ્રને તારી.
દ્રોપદિના ચીર પુર્યાં, થાશે તે સહાયકારી.—મને.

(૬૧૩)—વિક્રમ ચરિત્ર—
મને રોકો ના રસીલા, છેલા મુકોને મારો હાથ,
મારો હુંકડો ના છબીલા, વ્હેલા મુકો ને હાથ.
લ્હેરે ઝુકો અલબેલા, ઘેલા આવું સંગાથ;
મુકો કેડો, લાગ્યો નેડો, છોડો, છેડો.
સાથે તેડો, લાગ્યો નેડો, ભોળી નારી કામણગારી;
હું તો હારી, વાહરે પ્યારી—રોકો ના૦

(૬૧૪)—વસંતપ્રભા—
મદભરી જુવાની યાર.
રસ લેજો લુંટી દીલદાર, અહો દીલદાર, હાં૦ હાં૦ મદ૦
નાજુક ખીલતી હું—ચમેલી;
તું રસીલો ને છબીલો, ભ્રમર મધુ પીનાર, અહો પીનાર–હાં.હાં.મદ૦

(૬૧૫)—મોહીનીચંદ્ર—
મને કોઇ મેળાવોરે, મારાં દીલ દેવળનો દેવડો;
હાયરે ધુતારાએ નાથ ડુભાવ્યારે, પીયુ મારો સુઘડ ગરીબડો (૨)
જો કોઇ મીલાવે, તેને મોં, માગ્યું આપું પીયુ મારો સુઘડ ગરીબડો (૨)
આપું જો માગે મારો જીવડો. (૨) મ.

(૬૧૬)—અનુસૂયા—
મ્હારે મંદીર પધારો યોગીરાજ, મ્હારાજ ભોજન કરાવું મન ભાવતાં.
ઘેબર ધારી જલેબી શીરો સુખડી, મોતીચુર ને મેસુર, ભાગે ભુખડી;
તળું તતબીરે કાચલી, વડી તમ કાજ—ભો૦
નેહે નીપજાવું, શાક ભાતભાતનાં; રૂડાં રાઇતાં બનાવું, જાત જાતનાં;
અતિ જુગતીથી પીરસું-પ્રીતે ધરી બાજ—ભો૦

(૬૧૭)—અસીરેહીર્સ—
મજાહ દેતે હય કયા યાર, તેરે બાલ ઘુંઘરવાલે,
નીકલી મેરે દીલસે આહ, જાતાથા વોહ રશ્કે માહ.
દેખા દુશ્મનકે હમરાહ, દોનો હાથ ગલેમેં ડાલે;
પહેલેથી મુજસે તકરાર, અબ તું કયું કરતા હય પ્યાર.
અબ તેરી તરફસે યાર. મેરે દીલમે પડ ગયે છાલે.
તેરી ભવે હય યા શમશીર, તેરી ચીતવન હય યા તીર,

હય આંખે બુતે બેપીર, યા હય જહેર ભરે દો પ્યાલે,
કોઇ દમકા હું મેહમાન, એક નજર ઇધરભી જાન,
તેરી આંખોકે કુરબાન ઓ, મુહ ફેરકે જાને વાલે.

(૬૧૮)—દાગે, હસરત—

મય તો શીરીકા હું દીવાના, કયા માલ હય જાન ગવાંના.
નસીહત આપકિસ આનકર, સાહબ સુનાતે હય,
બયાબાને આલમમેં કિસકો, મરનેસે ડરાતે હય,
ય્હે સચ કહેતે હય હજરત, આપ યા સીર્ફ અજમાતે હય.
કહી જાં બાજ અપને કોલસે, બીબાજ આતે હય,
કુછ બાત નહી મરજાના—કયા.

ય્હાં તો તનમેં ખુદ બાકી હય જાને જાં—થોડીસી.
ડરાતે હો કિસે તુમ ખીંચકર તરવાર થોડીસી,
મુજે ઇસ વાસ્તે હય જીન્દગી, દરકાર થોડીસી;
કે દીલમેં રહે ગઇ હય, હસરતે દીદાર થોડીસી.
એક ખેલ હય ખુન બહાના...કયા.

(૬૧૯)—લયલા—

મજેહદારી ગીલોરી ભરી લાલીયાં, ચાતુર હું ના કરૂં ન્યારા અરપાર.
મોરે પાનમેં યાર ફસે શેઠ શાહુકાર,
ખાઉં પીલાઉં મય બીડા બનાઉં, બીડીમેં છપ્પન મસાલે મીલાઉં.
લઓંગ, ઇલાયચી ઔર છાલીયાં, શહરબીચ આઇ હય પાન બીડાં લાઇ.
પકી પકી કલીયાં, ગીલોરીયા બનાઇ,
બડી મજાહ પાઇ, જો રંગીલે કભુ ખાઇ,
માનકો પાન હય, જાનકો પાન હય, લેલો, આવ આવ.
ગીલોરીયા. આવ. આવ. ઇસ રંગ લાલીયા.

(૬૨૦)—મીસ અચ્છબાઇ—રાગ મહાડ.-તાલ દાદરા—

મન માનત નાહિ, સ્યામ બીના, મન માનત નાહિ,
મંદીરવા ય તજકે બિંદાવન પ્યારે વતનસે;
ઢુંઢનકો સખી આપહી નિકસું, કરકે જોગીયનકો બેસ-મંદીર.

(૬૨૧)—મીઠાં જહર—

મન મોહન તોરે નયના,અજબ રસીલે,નિર્ભય નીપટ નસીલે-નયન
મદમતવાલે પ્રેમકે પ્યાલે, કહરકે, પીલે, પીલે, પીલે.
મટકી લે, ચટકી લે, ખટકી લે—તોરે નયના૦

(૬૨૨)—પિતૃભકત પુંડલીક—રાગ—ગઝલ કવ્વાલી.
મને તું માફ કર શાણી, વચનપર ફેરવ્યું પાણી,
ખરે હું ક્રુર છું પ.ગ્રી, ગુન્હેગારી અમારી છે.
લફંગા છો ધુતાર. છો, ઠગારા આપ છો પુરા,
અધુરા લેશ ના ભારો, હ્રદય માંહિ કટારી છે.
લફંગો છું ધુતારો છું, પરતુ દાસ તારો છું,
જગતના પાપની ઉપર, અખત્યારી હમારી છે.
જણ્યા રાંડે રતન જેવાં, ખરેખર બાપને બેટા,
લડે છે શીંગલા ઘેટા, ભયંકરતા થનારી છે.
અમે મસ્તાન પંખીડા, અમે મ્હોબત તણા કીડા,
વડીલો પણ હતાં એવાં, કબુલાત એ અમારી છે.
રૂપાળી જોડ છે ઝામી, ટળી બાપા થયા સ્વામી,
રહી ના લેશ પણ ખામી, કહો, (આ) છેડ સારી છે.
ધુજારો તો નથી લીધો, રશીલી આજ નખરાનો.
હવે તલસાવ, ના પ્યારી, વિરહની આ બિમારી ?.

(૬૨૩)—વસુંધરા ઉર્ફે બેધારી તલવાર—
મૃગલોચની (૨) મદેભરી છલકાતી, મૃગલોચની...મદે......
મુખે મૃદુ મૃદુ હસી મલકાતી, પળે પળે પીયુના પ્રેમે ભિંજાતી (૨) મદે.
પડી નવ યૌવન નિહાળે, ઘડી શરમાઇ વસ્ત્ર સમારે,
સખી, જો એની ત્રાંસી, આંખ મીચાંતી (૨) રે......મદે.

(૬૨૪)—કનકતારા—
—લે ઘાસલેટ, અયે ઘાસલેટવાલા કૈસે બાટલી દીયાહે,
અય છ પયસે કો. છ પયસેકો! અય! પાંચ પૈસેકો દેતા હે, અરેજાઓ—
જાઓ—તુમને દિયા ઓર હમને લિયા—ઘાસલેટ, ગાના તો સુન.)
—મય તો મારવાડ કો બનીયોરે—બમ્બઇ શહરકો આયો.
મારવાડસે નિકલ્યો જબતો પાંઉ મે નહીં થો જુતો,
ઘાસલેટ (લે-ઘાસલેટ) કી. ફેરી ફરીને–પાંજરાપોળમાં સુતો.
મયતો મરવાડકો બનીયોરે, બમ્બઇ શહર કો આયો.
બ્યાજ બટાકો ધંધો કરીને પૈસા પાંચ કમાયો,
આધી આધી જમે, કરીને લાડીજીકો લાયો,—મયતો.
લાડીજીકો મુખડો ભોલો, મેરે મનકો ભાયો,
લટક મટક કર ચાલી જાવે મોરે જી લલચાયો—મયતો.
(અયે! રામ રામ જીયો ભાઇ ગંગારામ ઠીયા દાન છુટે ગામ
—તાંબા દાન—પીતળ દાન.)

(૬૨૫)—સતિ સીતા—

મને એકલડી મુકિને, શેજે સુતેલી તજીને,
કયાં સિધાર્યા રામ,........કયારે ગયા.

રણમાં રવડતી કરીને, વનમાં વીખુટી કરીને.
કયાં સિધાર્યા રામ,........કયારે ગયા.... ... ...

ઝબકોને જટ હુંતો જાગીરે, જોઉંતો જંગલમાં આગ લાગી,
રઘુપતિરામ કયારે ગયા.

સાખી } ભયંકર ભાદરવા તણી, ઘોર અંધારી રાત,
ગરજે ધન ગંભીરને, વરસે જળ વરસાદ.

જાણે પુરમાં તણાઇ વે'તા, નિરમાં ડુબાઇ—રઘુપતિ.

(૬૨૬)—કબિર ભજન—રાગ—પદ.

મન તું રાધા કૃષ્ણ બોલ, તેરા કયા લગેગા મોલ,

દસ પાંચ કોસ નહીં ચલતા, તેરા હાથ પાઉં નહિં હીલતા.
તેરે ગાંઠસે દામ ન ખુલતા, તેરે દીલકી ગુંન્ઢી ખોલ,—તેરા.

મન તો,રંગી ઘોડા—ઘોડે કો પાંચ બછેરા;
તું કરતા મેરા મેરા,કાયા મેં કયા હે તેરા, ઘોડેકી બાગ મરોડ—તેરા,—

કર કોલ જગત મેં આયા, માયા કે સંગ લપટાયા;
યેમાયા હય જગ ઠગની, તું ઠગની કા સંગ છોડ—તેરા.

ગોવિંદ ગોવિંદ ગાઓ પ્યારે, ફેર જનમ નહિ પાહે.
યૌં કહેવે દાસ કબીરા, તુ ભવ સાગર કોં છોડ.—તેરા.

(૬૨૭)—મીસ જાનકીબાઈ—રાગ-તાલ, ખીમટા.—

મઝા લેલે રસૈયા નઇ જુબનીકા. મઝા લેલે૦
યે, રસીયા, પદેસવામાં છાયે, હમ ધર ડાલે, ગલે કર ફસીયા.—મઝા

મય બાજ આઇ દીલકે લાગાનેસે,
મોહે સંગ લીયો છયલા, બહાનેસે. મય.

આજ પીર અપના ગયા વકત, મુઝે યાદ આયા,
જોરે દીવાર કોઇ આશકકે નાશાદ આયા;

દીલ ચુરાનેકો યો વોહી, બાનીને બેદાદ આયા,
મયતો આઇયાર થી, એક મેરાભી ઉસ્તાદ આયા.

મીલનેકો આઇ ગુઇયાં, સાજનકો લાઇ,
લગી મેરી મહેનત ઠીકાનેસે—મય,

(૬૨૮)—મહમદ હુસેન—રાગ, છાંયા નટ-ધીમા. તેતાલ.—

મન સુંદર લે ગઇ માર પલક,
ખલક, પલક, બલ, ખલક, જેસી, જીયા, બીચ, ઉઠ મુખડેકી ઝલક.

બીચ ધાર, સીલ,સીન્ન જમુનાકી, ઝલક, જેસી જોત,ચંદમેં જાત ચમક.
તીરછિ જુંઅ મેં રાજ હરમ, જીસે દેખ ચુકા સારા આમલ.
અએતો મરતા હું મેરી જાન સનમ,એક બારતો કીજે મુંજપેં કરમ,
ગયા હીજમેં રોયા બીકલ. બીકલ.—મન૦

(૬૨૯)—ફૈસાને, અજાયબ—

મચાના મિયા જાન ઉધમ ન એસા મચાના મિયા જાન
મિયા ન બોલો જોરૂ બનાસો મય તેરી દીલ બહુજાન. ઉધમન એસા
જી. નહિ. નહિ, ઘડી જાના જાની, ઘડી આના જાની.
ઘડી બોસા બાજી, ઘડી હીલા સાજી ઘડી હોના, રાજી,
કહો આવે કાજી, ઘડી હમ તુમ ફેર મિલકે પ્યાર. ઉધમન.
નમેરે જોરૂ નમેરે લડકા અલ્લાસે નાતા મુદામ. જી હાં. હાં.
કરો હમસે યારી—મૈ હું તુમસે આરી—મૈ હું તુમપે વારી,
હાય કયસી ખુવારી.
ગલે મીલજા જાની, નહિ મેરા સાની. મેરા દુર હીસે—હેગસ
—સલામ ઓઈ ઓઈ.

મા (૬૩૦)—અશ્રુમતી— મા

મારા હૈયા કેરા હાર, નજર ક્યાં આવશેરે,
મારા નાજુક શુકની ભાળ, અરે, કોઇ લાવશેરે;
લલીત વચનની, લેહ એક લાગી, સુંદર વરણુથી પ્રીત જાગી.
ચતુર સુજાણુથી, મેળવી વિયોગ ટળાવશેરે,
માગ્યા મુક્તાફળ આપીશ, દેવગણીને દીલ પીંજર સ્થાપીશ.
હાજર હરનીશ રહી, ચરણ તુમ ચાંપશેરે,
કનક કાયાનું પાંજર કરશું, હાવ ભાવ રત્નેથી જડશું;
પોપટ પગમાં પલક કરો, રશ ભાવસેરે.

(૬૩૧)—રમણસુંદરી—

મારે સ્વામી છતાં રંડાપોરે, બાપજી જુનીનું જોર ન માય;
ઘર ગધેડે ચડયુંરે માવડી, નંદલાલ નરકે જાય,
જાય જાય ઘરનું ઘોલીકું થાય, મોકાણું નીત્ય મંડાય,
ગોળાનું પાણી સુકાય, ઘર ફીટે ઘર જાય—મારે૦
જોઇ વ્હોરી મેં-જાત, રાંડ નીકળી કમજાત.
અરે લ્યો દાગીના આપું છું, નાથજી ? ઘરમાંથી જો પાપ જાય.
હોય શોક હોય, એ તો બે બછરાનો લાવો, અંદર ગુલાબસિંહનો દાવો.
અરે મેર પીટયા વાંઝીયા-કુટું તારા છાજીયાં,
હાય તને, હાય તને, હાય, હાય, હાય.—મારે૦

(૬૩૨)—વસંત પ્રભા—

માનો માનો ને રસીલા, માનો તે મારી વાત,
છેક આમ શું કરો છો, બોલાવે જાઓ તાત-માનો.
રસીલી પ્રેમપાન, અમૃત તેજીયાયે, હાજી પ્રેમ વાત, જાણું છું પ્રીયા.
કટાક્ષે વિંધાઇ, કેદી થઇ રહયા.
વિતી જાય રાત, વાતેનાથ શું, ઘેલા થયા—માનો.

(૬૩૩)—સતી સંયુક્તા—

મારી યારી પ્યારી,અરે શું કરતી હશે, નિર વીના માછથી મુંઝાતી હશે—મા.
મનથી ખડી કરી આકૃતી મારી, ભાળી, નયન, નીર ભરતી હશે.
સંભારી સંભારી મમ ગુણ, રામ નામ સમ રટતી હશે—મા૦
અકળાઇ જશે બાગ બગીચે, પાછી પાછી પડતી હશે.
નિંદ્રામાં પણ નાથ નિહાળી, જોગી ઝબકતી ચમકતી હશે—મા૦
આ નિરભાગી, શું કરમમાં છાજ્યું, રત્ન નહી, ને સરજ્યું હશે.

(૬૩૪)—પવીત્ર લીલાવતી—

મારો પાવન કરીયે પલંગ, પ્યારા પ્રાણનાથ પધારી,
રમ્યા રશિક રશીકાથી રંગ, વિરહ દુઃખ નાથ નિવારી.
આજ ઉપજી શીતળતા અંગ, મને સ્વામીનાથે સ્વીકારી;
  શરદ ઋતુ સોહામણી, પુરણ ચંન્દ્ર પ્રકાશ;
મંદ પવનની લ્હેરમાં, વ્હાલા વિલશો છો, વિવિધ વિલાસ.
  અંતરઃપુરમાં એકલા, છાના રાખુ છેલ.
આ રતિને રતીપતી તમે, રમી રસક કરો રંગ રેલ,
તન મન ધન અરપણ કરી, રંજન થઇ દીન રાત;
હાજર રહીશ હજુરમાં, પ્રભુ અવર પુરૂષ ભ્રાત તાત,

(૬૩૫)—બુદ્ધદેવ—

મારી ક્યારીમાં મ્હેક મ્હેક મ્હેકી હો રાજ,
કોઇ કુસુમ લ્યો કુસુમ લ્યો.
મીઠાં યૌવનના ભોગી રસીલા હો રાજ—કોઇ કુસુમ
પ્રીતે પધારો પ્રવાસી અમ બાગમાં,
પાથરી શું પ્રાણ અતિ અંતર સુહાગમાં;
એક દિન થાઓ મેહમાન, હો વિલાસીરાજ—કોઇ કુસુમ.

(૬૩૬)—બુદ્ધદેવ—

મારો અંતર અંતર બગીચે ખીલી પ્રેમ કળી.
કરમાયે રસથી ભીની, રસિયા રસભાગી વિના,
પાંખડી તલસે વિલસે, અમૃત મહેરામણ વિના;
સહુ પરાગ ભરી, છે સુવાસ ભરી—મારે.
અમી ભરી કુંજ જેવા, શાણા છો રસથી ભીના.
જીરકી નાખી ક્યાં નાસો, નાથ નગિના.
આવો આવો (૨) તલસાવો શાને વિલાસી બની—મારે

(૬૩૭)—મહાશ્વેતા, કાદંબરી—

માલીકના બાળક સૌ, માલિક, સૌના શ્રી જગનાથ (૨)
કર્તાહર્તા સહુના, સૌ બાજી એને હાથ.

ઝરણાનું બંધે આવી મળતું. ખાળ્યું નવ કોઇનાથી ખળતું,
જગત માત્ર તેને આધીન છે અનાથના જે નાથ,
નહિં પીંડ આ પોતા તણો, પોતાનું કાંઇ ન જાણવું.
સૌએ શુભાશુભ કર્મને, પોતા તણુંજ પ્રમાણવું.

(૬૩૮)—બોલતો કાગળ—

માળી, વિનાની ખારી, જોબન તણી ફુલવાડી,
હાયે, સુકાઇ ચાલી, પણ નાવે જીવન માલી.
ગાલ ગુલાબ તણી ગઇ લાલી, નરગીશ આંખ નમી મદવાલી.
હ્યો સંભાળી, જીવન માલી, પાણી વિનાની ડાલી.
તાપે...તપે હરીયાલી.........માલી.........

(૬૩૯)—સાગર સરીતા—

મૉઇ ડોલી......જીગર દે ખોલી ઓ, લવલી જોડી
બોલો મધુર કંઇબોલી...મૉઇ ડોલી (૪)
કમ ડીયર...આશકપર પ્યાર કર...નહિ મળશે કો આવો જબરનર,
કમ ડીયર......તુ દીલહર, શરમા ન ઘુંઘટપટ દુર કર.
જાઓ જાઓ આ શો ઢંગ-કમ એલૉંગ—સીંગસૉંગ,લીવલૉંગ, માઇ ડોલી

(૬૪૦)—સુર્ય, કુમારી—

મારા શ્યામ મનાવો દીલારામ મનાવો કોઇ
પ્રિય તમ તણા દર્દી દીલની દવાઓ બતાવો કોઇ
ભવસાગરમાં નાવડી-લાગી હલવા રામ,
અધવચમાં ડુબતી મુકી-ગયા સુકાની શ્યામ.
ડુબે મારી નૌકા આજે તરાવો—કોઇ.

(૬૪૧)—નરપિચાશ—

મારૂં જોબનીયું છલકાય, મારા છેલ છબીલા આવો
હજી હું કુંવારી છું નાદાન, કરતા નયન તણી કોઇ સાન
જોઇને મોહતા ધસ્કી જુવાન, તેની મીઠી નીધાથી બચાવો—
હજી હું ભોળી ભાળી નાર, ખાતી વાત વાતમાં હાર
ફસાવે મને પછી દીલદાર, આવો મનહર કેમ સતાવો-મારૂં

(૬૪૨)—મહમદ હુશેન—રાગ. મહાડ—તાલ, દાદરા—

મારો જોબન બીતો જાય, બાદીલાં એગે આયોરે,
પ્રિતમકું ચીઠીયાં લીખું, તાપર લીખું સલામ;
જીસ દીનસે પીયા પરદેશ સીધારે, નૈનસે નિંદ હરામ.
કોઠે ઉપર કોઠારી, સોના ઘડે સોનાર;
પાયલ મોરી બાજનીરે, બીછવેકી ઝનકાર.

(૬૪૩)—મીસ અમીરજાન—રાગ, સહરાં, કવ્વાલી—

માલન બનાકે લાઇ, કયા લાજવબા સહરાં,
મોતી દમક રહે હૈ, કલિયે મહક રહી હૈ.
દૌલત લુંટા રહા હય, કયા બેહીસાબ સહરા;
નૌસા બના સલામત, સહેરા ખુદાકી રહમત.
લડીયાંહે તારબારીસ યા બે હૈ શરાબ શહરા.

(૬૪૪)—સૌભાગ્ય સુંદરી—

મારા મનમાં તનમાં ભર્યો છે, ઠર્યો છે, ભય જાઉં જગ જોતી,
વાળી ગુમાવ્યું મેં ભાગતાં ભાગતાં, નકવેશરનું મોતી...મારા.
હાલવું ચાલવું, હારી છું હાય, જીવ મારો ગભરાય;
કેદી ફરી મારૂં મળશે મોતી...ગોરી હું કાઢી...ગોતી. મારા.

(૬૪૫)—ખુને નાહક—

માનો માનો માનોરે, પ્યારી બતીયાં;
જાજા નાહીં દીખાવે તુજ છતીયાં, એહ બતીયાં, સુરતીયાં.
ઓસા દે એક, ગોરે ગાલકા, પ્યારી જાન,ઓસા દે એક, ગોરે ગાલકા,
ચલ મુવે, હટ મુએ, ક્રુસ તું મનહુસ મુએ,
મય જો જાઉં તો પચનાઉંગી—દુલ્હા કંહા મુજસા પાયગી,
નીકલ નીકલ ઉધરકો ચલ, ન અબ મચલહાં.

(૬૪૬)—મીરાંબાઇ—

મીરાંને પુર્વ જનમની છે પ્રીતરે, મીરાંના હૈડે લખાણા,
હરીનાં હેતરે, નામ નહિરે, છાંડે હોજી......મીરાં.
રાણાજી યે આપીયો, ભુતડાં ભેળો વાસ;
ભુત પ્રેત ભાગ્યા ગયારે, મીરાંનો ઇન્દ્રભુવન થયો અવાસ...મીરાં.
વિખના પ્યાલા મોકલ્યા, દેજો મીરાંને હાથ, અમૃત કરી આરોગીયાં
મીરાંને રાખણુ હારો રઘુનાથ......મીરાં.
રાણે વિષધર મોકલ્યો, દેજો મીરાંને જઇ, પુંજી મીરાંએ પ્રેમથી;
મુર્તી શાળીગરામની થઇ, રાણે રજા આપી પછી કાઢી ગણીને કાલ.
મીરાં ચાલ્યા મહાલતાં, બાઇ ભાગ્યો છે વ્રજનો વાસરે......મીરાં.

મુ (૬૪૭)—કંસવધ— મુ

મુજને માર ના સમશેર, વ્હાલા વિર તું,
મારી સંગ, શું છે વેર, વદને વિર તું.
મીઠળ જોઇ કર તું મ્હેર, આશા ભરી જતી હું સૈર, તક જો વિર તું,
જો ઇશ્વર વસે ચોમેર, ન કર કંસ કાળો કેર-કરને વિર તું.

(૬૪૮)—સતી પાર્વતી—

મુનીવર કયા આ ગાળે છે, શ્રી શિવશંકર વર વરવા,
હોંશ ધરી છે એને હૈયે, ત્રીલોચન કર ધરવા.
એં હે! શું બોલો છો બાળા, પતિ પરખમાં પુર્યું અજાણું;
ભંગી જંગી એ ભોળાથી, તારૂં શું થવાનું કલ્યાણ.
કયાં રાહુ ને ચન્દ્ર ચારૂ, કયાં રત્ન સાથે નવ શોભે પ્હાણ,
ડુંગર ખોદે ઉંદર કાજે, ધન્ય ધન્ય છે તારૂં જ્ઞાન.
રૂડા કે ભુંડા શિવજીને, પામ્યે થવાની લીલા લહેર,
પરહરી અમૃત શોદને શાણી, જાણીને ઘોળે છે ઝેર.
ખેર ઝેર કે અમૃત એ છે, કથા તમારે શી તેની,
મનહર મળતાં મંગળમાળા, બાળા મન માને એની.
કાણો કુબડો ધણી મનમાન્યો, સુંદરી સમજે સુરરાય,
પ્રીત પુષ્પની મધુર સુગંધી, જડ જોગીથી શું સમજાય.

(૬૪૯)—કબીર ભજન—રાગ-કીરતન

મુખડાં કયા દેખો દરપનમેં, તેરે દયા ધરમ નહીં મનમેં—મુખ૦
જેશી ફુલ રહી ફુલવાડી, બાસ રહિત નીજ ફુલમેં;
એક દીન એસી હો જાયગી, ખાક ઉડેગી તનમેં—મું૦
ચુવા ચંદન, અબીર અગરની, શોભે ગોરે તનમેં;
ધન જોબન દો ઘડીકા સાથી, છુટ જાવેગા ક્ષણમેં.
કોડી કોડી માયા જોડી સુરત રહે નીજ ધનમેં,
દશ દરવાજા બંધ રહે તો રહે ગઇ સબહી મનમેં—મુ૦
વાસનકી એક નાવ લગાઇ, લેચ લે જંગલમેં,
ધરમી ધરમી પાર ઉતર ગયે, પાપી ડુબે જગતમેં—મુ૦
કહત કબીરા સુનો ભાઇ સાધુ, એ કયાલગ રહે મનમેં—મુ૦

(૬૫૦)—કૃષ્ણ, સુદામા—કવ્વાલી. ગઝલ

મુંઝાવી કયાં મને મારે, જવાદે કૃષ્ણને દ્વારે;
ખલકનાં ખેલ છે ખોટાં, જેવા પાણીનાં પરપોટાં.
માથે ભય મોતનો ધારે, જવા દે કૃષ્ણને દ્વારે,
શિખામણ માની લે શ્યાણા, મેળવને ભક્તિનાં નાંણા.
ત્રીકમ વીણ કો નહિં તારે, જવા દે કૃષ્ણને દ્વારે,

(૬૫૧)—શૃંગીરૂષી—

મુનિરાજ ક્ષમા હું યાચું,
પતિતપાવન, અધમોધારણ! શરણ આપનું સાચું...મુની.
ચંદન શીતળ ચન્દ્રમા, વૃષ્ટી કરે અમૃત તણી,
એ સર્વથી શીતળ કૃપા, શાસ્ત્રે મ્હજજન તણી ગણી.
હોય રોષ અમમાં નવ ધરશો, દષ્ટી એક દયાની કરશો,
લક્ષ ચોરાશી હરણ સુખ રાસી, શરણ આપનું સાચું...મુની.

મે (૬૫૨)—સુરદાસ— મે

મેં ભયનો છોડયો ભાસ, નયનો કરીને ન્યારા;
ઘટ ઘટમાં કરજો વાસ, પ્રીતે પ્રભુજી પ્યારા.
વિઠ્ઠલ વ્હાલું બિરદ વિચારી, આ સેવકને લેજો ઉદ્ધારી;
વ્યાધિ વિદારી શરણે સ્વીકારી, ટાળો હરો મુજ ત્રાસરે—મે૦
આંખ વિના અતીશય દુઃખી થાશે, જીંદગી આની શી રીતે જાશે,
થાશે હવે શું ગભરાવે હવે શું.
આને બનો છો ઉદાસરે—મેં ભયનો૦

(૬૫૩)—સુરદાસ—

મેરે રંગીલે યાર, ખીલી કયસી, જોબનકી, બાલે, જોબનકી બહાર,
હાંરે મેરે બાલે જોબનકા બ્હાર.—પૈસે બિના—
કયસે કરૂં કહો પ્યાર—દેદો થેલી મરે દિવાને, દિલદાર—મે૦
થેલી મેં કયસું દું, પ્યારી, નવેલી યે, હય જીવનકા આધાર,
થેલી છુપાના, ચમન ઉડાના, હોતા નાં બરસો, હજાર.
લો. એ. થેલી. માશુક મજેદાર,-
—આપયો, મેંતો જાની હું હોકે હુંશીયાર.

(૬૫૪)—અહમદહુસેન—હોરી. કહરવા:—

મેં કૈસે હોરી ખેલુંગી, સાંવરીયાકી સંગ મેં કૈસે—
લહેંગા તેરા ઘુમ ઘુમીલા, ચોલી તેરી તંગ,
ખસમ તુમ્હારે બડે નખહુ, ચલો હમારે સંગ.
કોરે કોરે કલસ મંગાયે, જામે ઘોલા રંગ,
ભર પીચકારી મુખપર, મરી ચોલી હો ગઇ તંગ.
તબલા બાજે, સારંગી બાજે, ઔર બાજે મરદંગ,
કાન્હાજીકી મુરલી બાજે, રાધાજીકે સંગ. રંગ મે—

(૬૫૫)—મીસ અચ્છનબાઇ—રાગ. બરવા, ઠુમરી.-તાલ ત્રીતાલ.

મેરે મેંદીકા રંગ જર જાય, હારે સુરજ મુખ ન જઇયોરે. મે.
સાસ મોરી બાજે નનંદી ડર ખાવે અરે નાહી જેહોરે. મેં.

(૬૫૬)—મીસ, ગૌહરજાન—રાગ, ઝીંઝોટી, તાલ, દાદરા—

મેરે દર્દે જીગરકી ખબરહી નહીં, ખબરહી નહીં કુછ અસરહી નહીં,
નહી કોટેસે કટતી, હય કુદરતકી રાત, યા રબ ક્યા ઇસકી સહરહી નહિ.
દીલકો લગાકર ક્યા ફલ પાય ગૌહર,
ઐસે સજનમેં, સમ રહી નહી-મેરે૦

(૬૫૭)—મીસ, જાનકીબાઇ—

મેં કૈસે રાખું પ્રાન સ્યામ, માધો બન ગયે, માધો બન ગયે, લો ન આયે.
લીખ લિખ પતીયાં, શામકો મેં હારી, કુબ્જાલગ, ઔયા ઓ ન આયોરે,
અરે શામ માધો બન ગયે, ઓ ન આયોરે.

(૬૫૮)—ગાઠા જહુર—
મેરી ફુલતી ફુલતી જોબન ડાલ, રખ્ખુંગી કયસે સંભાલકે,
એ જવાની દીવાની આ ગઈ, કહાં રખ્ખું મય ઇસકો સંભાલકે.
યહાં જોબનકો હમલે બીરાલે, પ્યાં કંગનકે પાછિ નીકાલે,
પડે દો દો મુસીબતસે પ્યાલે,
ઉસ્સે તલ્લાસ કરને જાઉં, તો ઇસકો રખ્ખુગી સંભાલકે-મેરી.
(૬૫૯)—શહીદે નાજ—
મેરા દીલ તો દીવાના જાન, તેરે લીયે, બાલ બાલ ગજ મોતી પરોઉં,
મેરા બાલાશા જોબન તેરે લીયે,
નાલેશ કરોગીમેં કરને ન દુંગી, મયને છોડા જમાના જાન, તોરે લીયે.
(૬૬૦)—કામલતા—
મેં દુનીયાં સઘળી જોઈ, કોઇનું ન દીઠું કોઇ;
સ્વારથની જાળ પરોઇ, સમપણુ સૌ નાંખે ધોઇ.
આજ હોય વ્હાલા કાલ તેજ થાય વેરી;
અજબ સરખી એ તો, રીત પ્રીત કેરી;
પોતાના સ્વારથને માટે, અવરને નાંખો નીચોઇ.
(૬૬૧)-મીસ, જાનકીબાઈ-રાગ ભૈરવી, ચાચર,-તાલ ત્રિતાલ-ઠુમરી
મેંભી ચલુંગી તોરે સાથ, ન સાથ હીંદીયાને હા લગાયરે જાત-મેંભી
આજ પિયા બિન કલન પરત હે, કૈસેં કટેંગી દિનરાત—મેંભી
(૬૬૨)—મીસ, જાનકીબાઈ—રાગ, બરવા, કમાલનું-ભજન,
મેનલડીથી સૈંયા નિકલ ગયે, (૨)
ઇસ નગરીકે દસ દરવાજા, ન જાનો કોન ખડકી ખુલીથી,—સૈંયા
સાથ સખી મેરી આગે ખડી થી, ઇનકોં પુછો મૈને કહુના કહીથી—સૈંયાં
સુનીયોરી મેરી સંગકી સાહેલી, કાલ સેજરીયા, એકલી પરીથી—સૈંયાં
કહત કમાલ કબીરકા બાલક, ઇન યારીસેં ખ્વારી ભલીથી—સૈંયાં
(૬૬૩)-મીસ, જાનકીબાઈ-રાગ, બરવા, કબીર,ભજન, તાલ,લાવની,
મેરા હીયરા હેરાય ગયો ચ્યગરે મેં; મે
કોઇ પુરબ કોઇ પશ્ચીમ બતાવે, કોઇ પાની કોઇ પથરેમેં—મેરા
સુરીયો નર મુની સિદ્ધ અમુલીએ, યે ભુલભૂ લે હો નખરેમેં—મેરા
કહત કબીર સુનો ભાઇ સાધો, ખોજલે મનકે અન્તરેમેં—મેરા
(૬૬૪)—મીસ, અમીરજાન—રાગ-કહરવા-તાલ-દાદરા.
મેરીમાન સુવારી ભોલેને પીલી ભંગ,
ઔરેને ખાયા મોઢ બાજરા. આને ખોઇ ભંગ;
ઔરોંકે સૈંયા હંસત બોલત હે. હમસે કરત હે જંગ
ઔરોંકે સૈંયા તાડી પીયત હેં. યાને પીલી ભંગ,-મેરી

મો (૬૬૫)—અંબરીષ— મો

મોહનજીને મળવા તલપે મારૂં—ચિત્તરે મોહન.
પ્રેમની આંખો, પ્રેમની પાંખો, પ્રેમના ગાઉં એ ગીતરે—મો૦
સાગર સંગે, સરિતા ઉમંગે, મળવા દોડે ધરી પ્રીતરે—મો૦
પ્રેમે મળશું, ધ્યાનમાં ગળશું. વહેલા વળીશું, હયાં ખચિતરે—મો૦

(૬૬૬)—દાગે હસરત—

મોરી મોહનીયા, તોરે ગોરે ગોરે ગાલ,
મોરી મોહનીયા, તોરે લંબે લંબે બાલ;
મદસે હું મય મતવારી, મતવારી મોરી ચાલ;
કાંટા લગા પ્રેમકા. મય હો ગઇ બેહાલ,
આંખો તોરી મદ ભરી, ડોરે, ભરે લાલ (૨)
ઠુમક ઠુમક ચાલ ચલે, કમરીયા જયસે બાલ.

(૬૬૭)—મીસ કાલીજાન—રાગ, કાફી, હોરી, તાલ. દીપચંદી—

મોયે બારજોરી કર રંગ ડારોરી, વહ જો કહત હે નંદ
મહરજીકો છોરા કરો, મોયે બારા જોરી,
લાખ કહી બાતી એક હું નામાની, કવિધ કરો ના ડરોરી,
કર કુચન પીચકારી એસી મારી, ભીંજ, ગઇ સીસ બદન સબ સારી.
મોજમે આ મોરી બૈયા, મરોરી મુખ સુમત પટ, ઉગાડે.

(૬૬૮)—દલપત સીંહ— રાગ—ભજન,

મોહન તારી મોરલીરે, વ્રજનારને વેરણ થઇ,
કોમળ સુરે કાળજું કોર્યું, ચીતડું ચોર્યું સઇ...મોહન
કામતો હવે કાંઇ ન સુજે, સાંભળતા સુદ્ધગઇ...મોહન
પ્રેમના પાસમાં પ્રાણ બંધાયો, આકુળવ્યાકુળ થઇ...મોહન
માત પીતા તણી લાજ તજીને, વંદ્રાવનમાં ગઇ...મોહન
આવાં તમારાં કારમા કામણ, શામળા કીધા સઇ...મોહન
દુઃખડાં કેરાં ડુંગર ડોલ્યો, માવા પાડી લ્યો ભાઇ...મોહન
દલપતસિંહના દેવને મળવા, ગોપીયો ગોકુળ ગઇ...મોહન

(૬૬૯)—મહાશ્વેતા, કાદંબરી—

મંજરીએ મનડું મોહ્યુ રે,
મનગમતા મારાજ, મારા મનગમતા મારાજ.
એ શું દીલડું અમ પ્રોયું રે...મનગમતા.
(શું આ પુષ્પ તમને બહુ ગમે છે.)

સાખી { "મનને તો ગમતું ઘણું, મુખથી કેમ મંગાય;
વીણ પ્રીછે વીણુ પારખે, ઘટે માન મુનિરાય"

સાખી { "માગે માન ઘટે નહિં, જ્યાં જેવું દાતાર,
સુખે સ્વીકારો પુષ્પ આ, ધરો કર્ણ મોઝાર"

અતિ ઉદાર દીલ તમ જોયું રે...મનગમતા.

ચ (૬૭૦)—જલસા સંગ્રહ—રાગ ભૈરવ-તીલાણો. ચ
ચલમનુ ચલેલી ચલાલે ચલમનુ ચલેલી ચલાલે.
તન નાદરદાની તુમ દરદાની, દીતરામ તદરે દાની—ચલમલુ
અબતો સારી રેન ગુજરી, હીજમે રોતે હિતે રહેતે
અબતો તેરા ચાહ હોગા, શુમોકે હોતે હોતે. તન નાદરદાની-ચલમલુ

યા (૬૭૧)—જલસા સંગ્રહ—રાગ, ભૈરવી, ઠુમરી, યા
યાર સાવરીયાં તેં તો, મન હર લીનોરે,
સુરત મેરે મનભાવે, ચલો ચલો કહાન જોબન રસ લીનોરે—યાર
એધિક બાંસુરી બાજન લાગી, સસ સુરન ઔર તિન ગ્રામ,
ગાયન ગાયન ગાયન રે, બ્રિજકી નારી સબ ભઇરે મગન—યાર
(૬૭૨)—જલસા સંગ્રહ— રાગ, પરજ, હોરી.
યા સાંવરે રંગડારી, ડરલાગત ભારી—યા.
સહેજ સોભાવ જાત જમુના જલ, પહેની જરદ રંગ સારી,
આપ ચડ બેઠે કદમકી છઇઆં, તો હાથલીએ પીચકારી;
લાલ મોહે સનમુખ મારી-યાં સાંવરે-
સાસ હઠીલી નનંદ છબીલી. દેત કસાકસ ગારી;
યા નગરીકો ધાક ચવૈયા. વાકી રીત હયે ન્યારી.
સખી ડર લાગત ભારી. યા સાંવરે-
લાલ ગુલાલ ડારત, મુખ ઉડત ન કંઇ લંક બીચારી.
નંદલાલ આજ રચના કીની એસ ચતર ખેલારી,
સખી કે હોસનપર વારી—યા સાંવરે-
(૬૭૩)—જલસા સંગ્રહ— રાગ,-કાફી-હોરી.
યા બ્રિજમે હોરી ખેલે કાંમીની, માથે તિલક ઓર ચમકે દાંમિની—યા.
જીનકે પિયા પરદેશ ગવન કિન્હો,
કોણુ દેશ પ્રિયા છાઇ છાવની,-માથે—યા.
(૬૭૪)—મીસ જાનકીબાઈ— રાગ. બર્ખાકીધુન-તાલ, દાદરા.
યાર બોલી ન બોલો ચલે જાયંગે—યાર
કોઠે પેં ચાર યાર પહરેકી નસીસ્ત હય,
સોહ બાતમેં કોઇ બજમે કોઇ બાકા મરત હય;
હમલોગ આને પ તે નહી બંદોબસ્ત હય
તુમ કયા કરો મિજાજકી પાજી પરસ્ત હય,
(૬૭૫)—મીસ, અમીરજાન— રાગ, ભજન-તાલ, લાવની.
ચાપરથી સુના હરને સાધુ કેસો ખેલ મચાયો હૈરી,
જાન ડાલકર દુનિયા બનાઇ વાકો ભેદ ન પાયો હૈરી,

દુનિયા હમમેં હમ દુનિયામેં આપમે આપ સમાયો હેરી,
ગંગા જમુના દરશન કીનો, માથે તિલક લગાયો હેરી;
સંસાર દુનિયા ફિરત બાવરી હરકો ભેદ ન પાયો હેરી,

(૬૭૬)—ઓ-રેકર્ડમાંથી—દો જોરૂવાલેકા કીસ્સા.—

યારો દો જોરૂ વાલેકા કિસ્સા સુનો—દો જોરૂ ને કરના બડા જંજાલ હે. જબ દોનો લડતીયા હૈં, તબ દેખના ચાહીયે વો કહતી હય કિ તેરા ખાવીંદ મરે, ઔર વો કહેતી હૈ કી તેરા ખાવિંદ મરે. તો દોનોકા ખાવીંદ તો મૈ. ના. લો સુનો—

—યારો ! મૈ દોજોરૂ વાલા દો જોરૂવાલા, દો જોરૂ વાલા, હા—યારો.
એક પકડે ટાંગ, ઓર દુસરી પકડે કાન, દો જોરૂ વાલે કમબખ્તકી
બીચમે તાનમતાન—યારો.
એક માંગતી હય લડુ, દુસરી માંગે ખાજા, એક જોરૂ વાલા મીયા
સબમેહય રાજા—યારો.

—(ભાઇઓ દો જોરૂ વાલેકા કીસ્સા સુના, દો જોરૂ નૈ કરના. બડા જંજાલ હય. જબ મે નઇ કે ઘર જાતા હું, તો વો કયા કહતી હય, કી આજ તો મેરે પેટમે દુખતા હય, જબ જુનીકે ઘર જાતા હું તો કહેતી હૈ કે, મેરે સરમેં દરદ હોતા હય, અબ મે મેરા દરદ કહાં નિકાલુ ઔર કહા જાઉં, હય કોઇ ઐસા સખીકા લાલ કે દો જોરૂ લે લેવે? ઔર એક અચ્છી ખાતરીકી દે દેવે. ખુદા ઉસકા ભલા કરેગા)

---

૨ (૬૭૭)—માયા મોહિની— ૨

રહો વર્ષોના વર્ષો મવાલી, લાવું બૈરી હવે બસ રૂપાળી,
હોય વિધવા કે ભરથાર વાળી, આવી વાંઢા મેણું નાખે ટાળી.
શેઠ ! છે આ જમાનો મવાલી, કોઇ આવી જશે ઝાડુ વાળી,
હોય આ,આબરૂથી આરપાર ખાલી, હોય વિધવા પણ બે બચ્ચાવાળી.
નહિં. નહિં-બૈરી લાવીશ, બચ્ચા વગરની......(હાખ......છીં)
કેવી ઓચીંતી છીંક્યું, હાખછીં...હાખછીં...હાખછીં...હાખછીં.
રાંડ નકટી કરૂં નાક વાઢી, વાન વિઘ્નોની આ કેવી કાઢી,
તારી સુરત બનાવું હું કાળી, બૈરી આપી જશે હાથ તાળી. રહો.

(૬૭૮)—કંસવધ—

રમીયે આનંદમાં હરિ રસ સંગમાં, રહી રંગમાં—બંસીનાદ સુણી,
સુતી જાગી, નીંદ બીક ભાગી, ભીંજી પ્રેમ રસમાં—રમીયે.
રૂડી ચાંદની પ્રકાશી શરદ પુનમની,
રંગે રસ ખેલો, સંગે સુંદર શ્યામની.

''સુખદ સંગ શ્રી કૃષ્ણનો, સુખદ શ્રી વૃજવન,
સુખદ શરદની ચાંદની સુખદ સફળ જીવન."—રમીયે.
આવી આપ હજુર મહિ, નવલ કુશમ કળી,
રેજો લાલા ભારમાં, રશ લેતાંના છળી.
પ્રિતમ શર્પસ થતાં સમ્યું, દેહનણું, અભિમાન,
વિસરી હું પોતાતણું, ગોવિંદમાં ગુલતાન,
આવો આવો ને આજ, રસ ઝીલીએ, રંગે રમીયે મલ્યા મોહનજી,
થાસો ન અળગા ઘડી જગજીવનજી, રસ ઝીલીયે, રંગે રમીયે,
મળ્યા મોહનજી—રમીયે.

(૯૭૯)—ઊદય ભાણુ—

રસીલો રસીલી ચાંદનીનો,સમોસાધી, તજી સઘળી ઉપાધી ગયા ઉપવનમાં—
ગુપચુપ વાતો કરે નેન, ના ઇશારા કરે,
સંગે હસે હસે, ફરે રંગ ધુનમાં—(પછી)
પળમાં રિશાયા છે, રશીલા ભાન ભુલિ ભામની,
માનતા મોહન નથી, હાથે પગે થઇ માનુની.
વેલા, રશીલા વહી જશે પસ્તાવો પાછળથી થશે.
માન મોહન માનજાશે.—કાળ, કાંઈ રહી જશે
તું માન ભલે ના મન અને પરવા નહી.
જીવ જાત તને નહિં અલગ કરું તનથી.
પ્રીત વચનનીણુ સસના રશીયા, મન વસાયા સારજી—રશીલો

(૯૮૦)—કામલતા—

રસભર્યું આ જોબન જાય, રસિક રંગીલા વિનાં.
અંગ ભર્યાં આ રંગ સુકાય, રંગી રંગીલા વિનાં.
સાખી } સુંદર બાગ શરીરનો ખિલ્યો છે નવરંગ
અંગ પુનાગ ઉડતા, માળી જ્યાં અનંગ.
ફુલ પ્રેમ રૂપી કરમાય, ખીલાવે પ્રાણુ ભોના રંગીલા વીના.

(૯૮૧)—બોલતો કાગળ—

રહો આઘેરા અલબેલા જાણું, જીવન છો મનમેલા,
આ સ્નેહ અચિર છેલા, તરશાવો શાને આમ.
પ્રાણુ પ્યારી વિયોગી ભારી, બને લાચારી સલ કહું શ્યામ,
વ્હાલાજી પધારીને પ્રીતી, વધારી, આ નારી આભારી તમારી સુખધામ,
હૃદયદાન, દીધું સુજાણુ, તમને શ્યામ પુરેશ કામ,
વસી રહી હૃદય પ્રેમી મુર્તી, આ પ્રિય રંગે ભરી,
નીશદીન જોઇ વાટ દૃષ્ટિ, પ્રીતી રંગે ભરી. શ્યામ...શ્યામ, શ્યામ.

(૬૮૨)—સાગર સરીતા—

રહું રંગે પ્રિતમજીની સંગે ઉછંગે, શો છવાયે આનંદ અંગે અંગે–રમુ.
ચટક લટક ચમત્કાર શી તમારી દીલદાર, વ્હાલી રસીલી જાઉં બલીહાર.
કીધી પ્રેમઘેલી ભોળી આવાર, ભાવધરી પ્રિયપ્રાણુ ભેટલે. ઉમંગે–રમુ.

(૬૮૩)—ખુબસુરત બલા—

રબકીશન, ન્યારી, ન્યારી, બલહારી, તોરી કહાની,
ઘર ઘર માની જાની, ચકતાઇ, ચતરાઇ, પ્યારી, સારી,–રબકી.
યહ જહાંમેં યહ કામ કરના, નેકીપે, બંદોકા ધ્યાન ધરના,
ક્રોધ કામસે મુદામ ડરના, હવસ કપટ ડરત ફ્રિરત છલકી,
મારી દુનિયા સારી, બદકારી, નર નારી, હય, પ્યારી—રબકી૦

(૬૮૪)—મીસ, જાનકીબાઇ—ભેરવી,–ઠુમરી.–તાલ,–ત્રીતાલ.—
રસીલી તોરી અંખીયારે, જીયા લલચાય, જીયા લલચાય,–રસીલી.
ઇસ જોબન પર વ્યાકુલ જાનકી, તોરી દેખકે સુરતીયાં જીયા તો
લલચાય—રસીલી.

(૬૮૫)—મીસ, રોઝા—રાગ, ખમાચ તાલ–લાવણી.
રસ્તેમે કહાના ઘેર ખડા, મ કયારે કરૂં તદબીર,
જરા ઇધરસે હઠ જારે કહાના, ભરને આઇ નીરરે;
પલ્લા હમારા છોડ દે કહાના, ફૂટ ગયો દખની ચીરરે—૨
બાલા જોબન કયા ઉમગા, જેશે નદીયા નીરરે,
મોંહ હાથ મત લગાઓ કહાના, છુતા, મોરા શરીરરે.—૨
સાસુ નનંદ મોરી જનમકી, બેરન, ભરભર મારે તીરરે.
મેં હું ગુજરી કંસ, રાજાકી, તુમહી જાત અહીરરે.—૨

રા (૬૮૬)—કબીર ભજન—પદ— રા
રામ સુમીર, રામ સુમીર, રામ સુમીર ભાઇ.
રામનામ સુમીરન બિન, બુડત ભવ માહી. રામ.
બીનતા સુત દેહ ગેહ, સંપતી સુખદાઇ,
ઇનમેં કછુ નાહિ તેરો, કાલ જાત ખાઇ. રામ.
શુકર કુકર યોની ભ્રમત, તોઉ લાજ ન આઇ,
રામનામ છાંડી અમૃત, કાહેકો હો વિશ ખાઇ. રામ.
અજામેલ ગજ ગણીકા, પતિત કર્મ કીને,
વોભી ઉતર પાર ગયે, રામ નામ લીને. રામ.
સતકર્મ સજી સુધર્મ, રામ નામ લેહી,
ગુરૂ પ્રસાદ જન કબીર, રામ કર સ્નેહી. રામ.

(૬૮૭)—મીરાંબાઈ—ભજન. રાગ, ધનાશ્રી.—
રામ રતન ધન પાયા મૈંયારે, મૈંકો રામ રતન ધનપાયો,
ખરચ્યો ન ખુટે, વાકો ચોર ન લુટે, દિન દિન હોત સવાયો. મૈયા.
નીર ન ડુબે, વાકો અગની ન જારે, ધરણુ ભર્યો ન સમાયો. મૈયા.
નામકી નાવ, ભજનકી બતીયાં, ભવસાગરસે તાર્યો. મૈયા.
બાઇ મીરાં, કહે પ્રભુ ગીરધર શરણે, ચરણુ કમળ ચીત લાયો. મૈયા.

(૬૮૮)—ધના ભગત—ભજન—

રામબાણ વાગ્યા હોય તે જાણે, એલ્યા, મુરખ મનમાં ન આણે.
ધ્રુવને વાગ્યાં, પ્રહલાદને વાગ્યાં, ઠરી ને બેઠાં, ઠેકાણે.
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં, એવું વેદ વચન પરમાણે—રામ.
મોરધ્વજ રાજાનું મન હરી, લેવા, મ્હારો વા'લો આવ્યા જે ટાણે.
લઇ કરવત મસ્તક પર મેલ્યું, પત્ની પુત્ર બેઉ તાણે.—રામ.
મીરાંબાઇ ઉપર કોપ કરીને, બોલ્યો રાણોજી ખડક તાણે,
ઝેરના પ્યાલા મ્હારા ગીરધર લાવ્યે, આરોગ્યા અમૃત ઠેકાણે—રામ.
નરસીંહ મ્હેતાની હુંડી શીકારી, વ્હાલે ખેપ ભરી ખરે ટાણે,
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનાભગત ઉર આણે—રામ.

(૬૮૯)—મહાશ્વેતા કાદંબરી—રામ-ભજન-પદ.

રામ ભજન રોકડ નાણું રે, વેપારી સંતો, રામભજન રોકડ નાણું.
લક્ષ ચોરાશી કેરા ફેરામાં ફરીઓનોએ,
નહિ તારૂં ઠામ કે ઠેકાણું રે......વેપારી સંતો રામ.
બીજાની વાત માંહી ડાહયો બહુ થા,તાં પણ,
તારૂં પોતાનું તે ન જાણું રે......વેપારી સંતો રામ.
કાળની દાઢો વચ્ચે વિશ્વ ચવાતુ રે,
સૌ. કો, છે કાળનું ચવાણું રે......વેપારી સંતો રામ.

(૬૯૦)—મહાશ્વેતા કાદંબરી—

રામ ભજ તું પ્રાણીયા, તારા ભવની ભાવટ ભાંગશે (૨)
તારા દેહનું સાર્થક થશે......રામ ભજ તું.
"બોલો રામ, સિતારામ"
પંખીડા તું જો વિચારી, કર્મ તારા લે, સંભારી,
વાસના નઠારી તુને રૌરવ, નર્કે નાંખશે.—રામ.
મૂઢ તેં મતિ વીશારી, મતિ તેવી ગતિ તારી,
ઉડજે સંભાળી તારી કાયા કંચનની થશે—રામ.

(૬૯૧)—સંગતના ફળ—

રામભજન થકી લાગીરે, લગન મને રામભજન થકી લાગી—
અવનિમાં આવી વા,લા એક દી, બેઠો નથી.
પ્રિતી સંસારીયાની લાગીરે અમને—રામભજન,
ગુરૂમળ્યા જ્ઞાની એવે. શબ્દ સુણાવ્યો,
સુરતા સિતાપતિની જાગીરે, મનમાં મને—રામભજન.

(૬૯૨)—દાદુરામ—રાગ. ભજન. પદ.

રામભજન કરીલેજે, જીયરા, રામભજન કરીલેજે.
સાહેબ મેરા માગે ગા તબ, ઉતર ક્યસે દીજે—જીયરા.
આગે જાઇ પછતાવન લાગા. પલપલ યહ તન છીજે

તાસોં જીય સમજાઇ કહું, તોહે. સુકૃત અબતેં કીજે—જીયરા.
રામજપત જમકાળ ન લાગે, સંગી રહે તનજીજે
દાદુરામ ભજન કરીલેજે. હરિકી રાસી રમીજે—જીયરા

(૬૯૩)—હરીચંદ્ર—રાગ. ભેરવી.

રાત એક સ્વપ્નો. મયને બદ, અય પ્યારે, આજ દેખા,
જાય પહુંચી મન એક દેશમે, હય રાજ્ય દુર હો જાતે ઉસકા તાજ દેખા.
જાતે ઉસકા તાજ દેખા, લુંટ જાતે સબ તાજ દેખા,
સુખપર પરતે ગાજ, દેખા—રાત.
રાજ તારાજ દેખા, તાજ મહુતાજ, દેખા,
રાજાકોં રાજકો આફતમેં, અયે સરતાજ દેખા.—રાત.

રી.રૂ (૬૯૪)—સુર્યકુમારી,—રાગ, કવ્વાલી રી.રુ

રીબાયોછું? ફસાયોછું? કુટાયોછું. લુટાયોછું.
દુભાયોછું, મુઝાયોછું. અમારી આમ બાબત છે? "પણ તે થયું કેમ"
પકડતાં જાળમાં ઉંદર, ભરાયો સર્પ તે અંદર
હયું ઘોડા બદલ ખચ્ચર. અમારી આમ બાબત છે?
ખીજાણાં નખરાળાં, મુઝાણાં જોઇ ઘોટાળાં
પછીથી મળ્યો તો પુંછડાવાળો, અમારી આમ બાબત છે?
તમરાં કષ્ટ સઉ ટળશે, અવસ્યે ન્યાયપણ મળશે
તમારાં શત્રુ સપડાશે. અમારી એ કબુલત, છે

(૬૯૫)—મીસ, જાનકીબાઈ—રાગ, ગોડ. મલાર—

ઝુમઝુમ, ઝુમઝુમ, બાદરીયા વરસે, એરી ઉન બીન જીયરા તરસે.
ચલત પરવાઇ, સુમસનનનન નના, ઝીંગરવા બોલે, તઝુ,ઝનનનન.
ઉંચી મહલિયા, બીછવા બોલે ચલત કંગરવા કરકે.

(૬૯૬)—ઉમાદેવડી—

રૂડી રઢીઆળી રાત, ચાલોને રમવા, ચતુરા ચોકમાં:
લાગે હદય રઢીઆળી રાત, આનદલે છે. ત્રણ લોકમાં.
મ્હાલે મદન જોબન વનમાં.
હાંરે લાગી તાલા વેલી તનમાં, ઓય ચાલો ચોકમાં—રૂ૦

સાખી } "જુવે ચકોરી ગાભરી, ચંદ્ર ઉદયનો ઘાટ.
વીરહે વ્યાકુલ વલ્લભા, વ્હાલાની જુવે વાટ"

રતીરસે રમણીયો, બની રંગની રાતી, નણદીના વીરા વીના છાતી ભરાતી.

સાખી } "જેને પ્રીતી જગમાં, તે પર પીડા જાણ;
શાકરના શોખીનને, ભુખ્યાનું નહીં ભાન"

શીદ સતાવોરે સુલક્ષણા, શીદ સતાવોરે, પ્યાલો ધરોને પાસે વ્હાલા
શીદ ટળવળાવોરે.

લાજ ન આવેરે ઠગારા, ચન્દ્ર લાજ ન આવેરે.
નારી નીસાસાનો સાગર, નાહક ખળભળાવોરે,
સાખી { પાર પલકમાં પહોંચવા દીનાનાથ દે દાવ,
આશા સાગરમાં મુકયું. શ્યામ, સમાગમ ન્હાવ,

જુવો વ્હાલાની વાટ, બાળાઓ બેશી ઘરના ગોખમાં.
આવ્યા પીયુ પ્રભાત, ઝાંઝર ઝણુણુ ઝમકયાં ચોકમાં.

(૬૯૭)—મહાશ્વેતા કાદંબરી—

રૂપે શું મન રાચોરે, કાયાનો રંગ કાચોરે, ભગવાન ભજો. (૨)
હાડ માંસ ને રૂધીર ભરેલું, મઢયું ચામડે અંગ. (૨)

ગંદા, દેહનો ગર્વ નકામો, કાયાનો રંગ પતંગ,
ભરૂસો નહિં સાચોરે, કાયાનો રંગ કાચોરે—ભ.

(૬૯૮)—ભિષ્મપિતામહ—

રૂડા રૂપાળા બહુ બહુ જોયા, પણ અંતર ના મેલા,
ઉપર ઇંદ્રામણા સરીખા, અંદર ઝેર ભરેલા;
ચંદન વૃક્ષે સાપ રહે તેમ, સજ્જનમાં દુર્જન ખળ છે.

સુગંધથી સમજાશે સઘળા, કસ્તુરીકે કાજળ છે—રૂડા.
કરી આકરી પુરૂષ પરીક્ષા, ગુણના સાગર ગોતી લ્યો;
તજી શંખ શેવાળ સભાને, મહા મુલ્યનાં મોતી લ્યો.—રૂડા.

(૬૯૯)—સાગર સરીતા—

રૂડી ખિલી ફુલવાડી રસાળી,
મધુરી મદવાળી જોબન ફૂળવાળી, રહી લચકાઇ શી,
ફુલોથી ફળી ફાલી. આછી ગુલાબી લાલી,

બાઇ શુકાઇ ચાલી-માળી વિનાની, ખાલી રે, ખાલી.
મળે જો વનમાળીરે માળી, બનાવે હરીયાળીરે નીરાળી.
ખીલાવે હદ વાળીરે—રૂડી.

૨ (૭૦૦)—બોલતો કાગળ— ૨

રંગી, આ દુનીયા નારંગીએ, રંગી, તે રંગી બેરંગી, દુન્યા દોરંગી...રંગી
સાગર પાણીશીતળમાં,વડવાનળ તેનાં તળમાં,આગને પાણી અન્યાસંગી(ઠ
આ. આજે અંગી મનાતાં, કાલે ભુજંગી થતાં
કોણ ભુજંગી...કોણ અંગી...રંગી...

વાયુ જે દીપક ઠારે, આગને તેજ વધારે
પ્રભુની પ્રભુતા દોરંગી............રંગી...આ દુનીયા...

(૭૦૧)—સૂર્ય કુમારી—
રંગભેર આજ રમો અલબેલા
વ્હાલા વ્હાલા લાગે, તારા બોલ કાલા ઘેલા
આધીન રહીશ તારા પ્રીતમ, સગુણા પ્યારા.
દાસ, ગણીલ્યો દાસિ મનમાં.
વારે અલુગ્ગી વાણી તારી મુર્તિ મધુરી, તારી
પ્યારી પ્યારી વસી મારામનમાં. ચાલો ભુવનમાં ફરીયે ચમનમાં.
તમે મારાં પ્રાણ પતીછો, હું તમારી દાસી.
જો જે મુજને છેતરતીતું, દઇ ગળામાં ફાંસી—જીનાં. હાં. હાં.
કાળજડાની કોર, મારાં ચીતડાંની ચોર.
તું તો મનડાની મોર વસે મનમાં—

(૭૦૨)—માલતિ માધવ—
લ્યો સુંદરી સુમનની માળા, જઇ કહેજો પ્રણામ અમારા,
માળા નહિ પણ વરમાળા. સુંદર વર ઓ...શરમાળા.
મુખ દર્શનથી મન ચોરી (૨) ચિત્ત હરી ગઇ બાળ ચકોરી,
—તમે કિશોર એ નવલ કીશોરી, મટકે મોલાં મટકાળા...લ્યો.

(૭૦૩)—તુલશીદાસ—ભજન (લક્ષ્મણને રામે કહેવું!)
લક્ષ્મણ મોરે બીર કઠીન હે બનકા રહેના,
તુમ લખન ઉમરકે બારે, પૈરોંમે પડગે છારે, કે કોમળ તુમરો શરીર.
માં ફુલસેજમે સોવો વ્હાં ધુપ, દેખકે રોવો, કે કારો,પરજાય શરીર.
તુમ માત પિતાકે પ્યારે હો,સબ જુગ ધીઊજીયારે, બતાવો ઉનકો ધીર.
મેં તુલશીદાસ જશ ગાવે, પ્રભુ લક્ષમણકો સમઝાવે, લિખા જો
હય તકદીર-કઠીન.

(૭૦૪)—સાગર સરીતા—
લઉં તારાં વ્હાલાંરે ઓવારણાં,
છે દિલમાં ને મુખમાં મીઠી સુધા, નિરાશને ઉગારનાર દિલદારના સખા,
વારી જાઉં આભારમાં.........લઉં.
સાખી { "બાળ લીધી વિયોગમાં, ત્વર્યાં નહિં સુજાણ,
ચિરીને દુઃખ વાદળો, ચમક્યા વિદ્યુત પ્રાણ."
એ વ્હાલમાના દૂતના હું ઋણમાં,
આ પુષ્પને ખિલાવનાર મિત્રતુજ,ચંન્દ્રમાં, વારી જાઉં આભારમાં-લઉં.

(૭૦૫)—કન્યાવિક્રયની-ક્રુરતા—
લખ્યા જે લેખ લલાટેરે, નહિ મીથ્યા થશેરે,
સુર્યવંશી સત્યવાદી, હરીશ્ચંદ્ર મનાય.
નીચ ઘેર મજુરી કરતાં, પાપી પેટ ભરાય,

વિધીની કૃતિ ગતિ ન કળાય (૨)—લખ્યા.
પુણ્ય પ્રતાપી પુણ્યશાળી, પાંડવો કહેવાય,
ભાગ્યહીને રાજ તજીને જંગલ ગોથાં ખાય.-વીધી.
મન ધારે કે હું કરૂં ને, કરવાવાળો કોય,
બાહ્યાં અધવચ્ય રહેને, પ્રભુ કરે તે થાય...લખ્યા.

લા.લે.લો. (૭૦૬)—સુકન્યા સાવિત્રી— લા.લે.લો.
લાગી લગન મને તારી, ઓ લલના.—લાગી.
સુરપતિ, મતિ શું વિચારી, સુંદરી સચીથી, અધીક સુખ આપું (૨)
પટરાણી કરી સ્થાપું ઊથાપું ન વચન મનોહારી—ઓ લલના.
(૭૦૭)—સુ. મ. ગાયન પ્રકાશ—રાગ. પીલું,-તાલ દીપચંદી.
લાજકી મારી મેં કહન સકત, મોરી ભરી હો રંગસે ચુંદરીયા-ટેક
લોગ લુગાઇ ચવાઇ કરત હે, બેર ન હમારે લગૈંયાં.
સુંદર શ્યામ હોરી જો ખેલે, બેગી લેજો ખબરીયાં. લાજકી.
(૭૦૮)—મહુમદહુસેન—રાગ, પીલુ, કહરવા—
લાખન મે ગારી દીલાય ગયોરે, એસી સેજીરીયાપે ન જાઓ બાલમ. લા.
જાલીકી કુરતી, બનતકા અંગીયા, મેરા ગોરા બદન કુમલા ગયોરે. લા.
સોતી થી મેં રંગભુવનમેં, સોતીકો, આન જગાય ગયોરે-લા.
(૭૦૯)—મહુમદહુસેન—રાગ. એમન. કલ્યાણુ તાલ. લાવણી—
લે ગયો ચીર મુરારીરે, મેં મેસે કરૂં—હરી મેં કે.
ચીર ચીર હમ જબરીસે, દેંગે, જલસે નીકસી જાયો ન્યારીરે-મે કેસે.
જો હમ કહાના, જલસે નીકસી, લાજ જાયગી તિહારીરે. મેં કેસે.
(૭૧૦)—જલસા સંગ્રહ—રાગ, કાફી.-પદ.—
લે ગયો ચિર મુરારી(૨)કૃષ્ણુ કનૈયા કદમ ચડી બૈઠે.
હમ કાઢી બ્રિજલાલ, જમુનામેં—લે ગયો.
(૭૧૧)—ચન્દ્રાવલી—
લો ફુલ જાની લેલો, ફુલ જાની લેલો,
ફુલોમેં ફુલ ચંમેલી નરગીશ બડી રશીલી. લો.
ગજરે સુહાની લેલો, ફુલ જાની લેલો;
માલન હું છેલ છબીલી, ફુલોંસે હું મૈ રંગીલી.
ચંપા હું નામી યારો, લો ફુલ જાની લેલો. લો.
ગજરા બેચન વાલી, નાદાન વે તેરા નખરાં.
ગાલોંપે લાલી હે તારે નિરાલી, બાતોંમે હે ભોલી ભાલી.
ઓઇ ઓઇ કંહી લડ ગઇ કહીં, અડ ગઇ કહીં, ભીડ ગઇ,-
વે તેરા નખરાં.

વ (૭૧૨)—સુરદાસ— વ

વ્હાલા વૃજલાલ સાથે લાગીરે લગનીયાં, મારી મહારાજ.
પ્યારી છબી શ્યામળાની, સ્થાપી ઘટ ઘટમાં મેં તો.
એની હાથે છે, મારી લાજ,
વૃંદા વનમાં ફરતાં, ચરતાં, વરતા...આ...વ્હાલા.
હૈડે નીત હેત ધારી, બંધુ હળધરના હું તો, સેવું છોડીને બીજા કાજ. વૃંદા—વ્હાલા.

(૭૧૩)—નરસિંહ મહેતો—
વ્હાલા વેગે આવોરે, દયા દિલે લાવોરે, ભીડુ મારી ભાંગવા હોજી.
નહીં આવો તો, છાનાં ઉઘાડું, ખધાં છીદ્ર...વ્હાલા,
આહેરડામાં ઉછર્યાં, ગોવાળીયામાં વાસ,
કાંધે કાળી કામળી, માગી પીતા છાશ.
માતા કેદે મુકીયા. પુરો મારી આશ,—હું રાખું તમથી દાવોરે—ભીડુ.
એ માના એ બાપના, નકટા, નિર્લજ બાળ,
મહીમાખણનાં ચોરટા, કંસ તણા હે કાળ;
સોડ તજો રાધા તણી. દુરીજન આપે આળ, ધીરા વેગે ધાવોરે—ભીડુ.

(૭૧૪)—જુગમ જુગારી—
વ્હાલમજી સાડી ગુલાબી મંગાવો, હો (૨) પોલકા બનાવો મોતીડા—
ટંગાવો—બંગડી એ હીરાની મોંઘી મઢાવો જડાવો.
મુરતમાંજ, જણાયછે, ધુતારાનાઢંગ જેવા વાનો, પુરશો તેવો ચઢશે રંગ.
હાંસીના હુલ્લાસમાં, રસિલી ના રીસાઈએ વા.

(૭૧૫)—માયા મોહિની. ગઝલ કવ્વાલી
વખત બદલાય છે જ્યારે, બધું પલટાઈ જાયે છે.
બને છે દાસ ભુપનોને, નૃપાલો દાસ થાય છે;
હતો ખોખાર અશ્વોનો, ખરો, ત્યાં ભૂકતાં જોયાં,
હતાં જ્યાં દાન કરનારાં, લુંટારા ત્યાં જણાયે છે......વખત.
નથી એ દોષ કોઈનો, ખરેખર ખુબી કીસ્મતની,
હતો જે ભક્ષ સીંહોનો, શૃંગાલો આજે ખાયે છે;
બધી જાહોજલાલી આ, દીવસ બેચારની ગાફીલ,
બની મગરૂર માણસ તું, વૃથા શાને ફુલાવે છે ...વખત.

(૭૧૬)—કીશોરસિંહ—
વદીએ સદા સત્યવાણી. સાચું જીવન હીત માની,
કરે જે ખુશામત જાણી, તેની સમજપર પાણી,
હાજી હાજી, હા, કરતા દીવસ જે રાત ઉચરતા;
નીજ પેટ પાપથી ભરતા. અન્તે દુઃખી તે પ્રાણી........વદીએ.
બોલે મનુષ્ય પરખાયે, સૌ તોલ બોલથી થાયે,
મીથ્યા લવારી માહે, લઈએ સમજી થોડામાં...........વદીએ.

(૭૧૭)—મનુ-મણી—
વરસાદ અને વહુઓને છે, જગમાં મરવનું મરવાનું.
થોડો પડે તો મો થોડો પડે છે, ઘણો પડે તો કહે ઘણો નડે છે,
કામ કરી કરી થાકી જતાં પણ, સાસુ નણંદથી રવાનું ડરવાનું—વ૦
સાસુનાં ઠીકરાં વહુના કલેડાં, લઢે વઢે તોય કર્મે જડેલાં,
નાનાં અને મોટાં સડકોનું, કાને ભુલી ભુલી કહી ધરવાનું ધરવાનું—વ૦
(૭૧૮)—કામલતા—
વરમાળ હાથે ઝાલી શરમાળ બાળા ચાલી;
હોંશ હૈયાની પુરણ કરવા વ્હા...લી, વ્હાલી,
આજ સ્વયંવરમાં વર વરવા, નજરે નુર નિહાળી.—વર.
(૭૧૯)—બુદ્ધદેવ—
વહાલા વિણ જીવન થયું ખારૂં (૨) કહે સખી કયાં જાઉં કહું દુઃખ મારૂં.
મળશે મનમોહન સજની, ટળશે પિડા અંતરની,
હવે જીવ ન લાગે અકારૂં—વહાલા,
બોલ્યું ચાલ્યું માફ કરજો, નાથ રાખિ દિલ દયા,
એકલી મૂકીને મુજને, આમ પ્રિયતમ કયાં ગયા;
ઓ નાથ ગીસયા શા સારૂં—વહાલા

વા (૭૨૦)—કળાવતી—રાગ, આસા. પદ વા
વાહ આધાર સહુનો મુરારી, તુવારી સ્હાય થઇ કરમારી. વાહ.
પુર્વ જન્મના પાપ શું કીધાં, આમ સહું કષ્ટ ભારી-મુરારી,
ભક્ત તણો તું ત્રાતા દાતા, સુખનો વિઘ્ન વિદારી;
માતા પિતા વ્હાલાથી વીછોડી, શાને મુઝાવે તું ભારી.—વાહ.
કયાં મમ વૈભવ કયાં સુખ સીમા, કયાં આ બંધન બારી;
માયામય પ્રભુ ઠાઠ શો તારો, નાટક લીલા વિસ્તારી—વાહ૦
(૭૨૧)—સરોજની—
વાલમજી મારી વરણાગી, તારા મુખડાની માયા લાગી,
પ્રેમ તણી ગોળી વાગી, અંતરમાં પીડા જાગી......વાલમજી.
ઘાયલ કીધી, છાતી વીંધી, રાખું બાંધી, સ્નેહ સાંધી,
મૂજને કીધો મહાભાગી.........તારાં મુખડાની માયા લાગી.
રંગે રમશું, સંગે જમશું, હરશું ફરશું, હેત જણવશું !
ભવની ભાવઠ રહે ભાંગી......તારા મુખડાની માયા લાગી.
(૭૨૨)—સતી દ્રૌપદી—
વારે લાલા, મોહન બંસી વાલા, ઠગો છો, શાને સલુણા.
જાણી (૨) તમારી મેં ઠગાઇ, પ્રીતી બાંધી હવે હું પસ્તાઇ.
પસ્તાઇ પુરી કાના, ઠગાઇ હુંતો કાના.
રસભીના, રંગીલા, શરમાળા, શામળીયા-
અરે જાવો નંદલાલા, વ્રજલાલા, ગોવાળા, છબીલા છોગાળા. વારે.

(૭૨૩)—કંસવધ—

વારો, વારો કુંવરજી કાનુડો તોફાની, તેને નંદરાણી તમે વારજો.
માજી બાળક શું મ્હોડે, ચડાવો.
સુત શામળીયાને સમજાવો, સમજાવો......વારો. વારો.
ઘરમાં ઘુસીને, ગોરસ ખાતો, તાવણુને તડફડ દે, લાતો.
કહું શું વાતો, ખુણે ભરાતો, લાગ જોઇ છાનો, છટકી જાતો. શા.
વખત વીના વાછરડાં છોડે, મટકી દહીં દુધની ફોડે.
પેસી રસોડે તાવડી તોડે, દોટ દઇ કાનો, દડબડ દોડે. શા.

(૭૨૪)—કામલતા—

વાટ જુવે છે, વાલી રશીકેવર, રજા અમેં તો લઇશું બા.
પ્રેમ ગુંથણી ગુંથો છાના, દુર, હમે તો થઇશું બા.
મને એકલી મુકીને,તમે જાઓ ના,-થશો એકલાં તમે ત્યાં જાઓ બા,
મને લાગે છે બીંહક—બધું ઠીક છે ઠીક—એમ કેમ.
ખાલી કરો પતરાજી—અમે જઇએ એમાં રાજી,
છતાં કરો છો સફાઇ—છોડો જાસું હમે બાઇ.
હવે આવજો બા-સખી તું-હા-આવજો બા-અલી તું.
હા, આવજો બા, કરો અમન, ચમન, હમે જઇશું બા...વા૦

(૭૨૫)—સંગતનાફળ—

વારે મારા પ્યારા ગુરૂજી મહાન, મને મહેરબાના બતાવોને જ્ઞાન,
ઝાલીને હું કાન ભુલાવું ગુમાન........અરે વારે૦
જ્ઞાન તારૂં વસ્યું ગોરે ગાલે,-થશે ઝાઝી સજા આવી ચાલે,
કોઇની તો રાખો જરી લાજ, કરો ન હેરાન,—મારા.

બે.વી. (૭૨૬)—સરદારબા— બે.વી.

વેળા ફરતી છાંયડી સુખ દુઃખ આવે જાય,
લીલા શ્રી જગદીશનીરે, મુરખ ગોથાં ખાય-એતો બ્હેની મુ૦
વરતો સમયને વિચારીરે-હાં-સમય તણી બેની બલીહાર,
કું જે ખીલી કુસમકળી, જે સાંજ પડે કરમાય,
ચો ઘડી ચળકી ચંદ્ર ગગનમાં, ઝાંખો ઝટ થઇ જાય-એતો બ્હેની મુ૦

(૭૨૭)—સત્યનારાયણ—

વિભુ પળ પળ અકળ કળા ફરતી,
સરતી ગરજ પછી હાં તારો ભાવ નહિ પુછે.
અજબ ગજબ ધરતિ...........વિભુ૦
મોહ અંધ થઇ ભુલ બહુ કીધી, પૂર્ણ, ન કીધી પુંજન વિધી,
સહદેવ શીખ આજ લીધી, ભુલ હવે નહીં થાય—વિભુ૦

સ (૭૨૮)—સતી દ્રૌપદી—રાગ, તોટક છંદ સ

સખી સ્વપ્ન મહીં મનમોહનને, મેં નિરખ્યા એકાન્ત વિશે શયને,
શરમાઇ રહી, રતિ નાથ વદે, મુખથી નહિં કાંઇ બોલાય અરે,
વિનવે અતી વલ્લભ વ્હાલ ધરી, નવ ઉત્તર મુખ અપાય જરી;
નીચું જોઇ રહી, દ્રગ પ્રેમ ભરી, ખણુતી પૃથ્વી નીજ પાય અરે.
કર સાહી રશીક રૂદે વળગ્યાં, કરતાં બળ સેન થયા અળગાં.
તુટી હાર ગયો એ રકાજકમાં, કસ કંચુકીની છુટી જાય અરે.
ગયાં સ્વેદથી વસ્ત્ર ભીંજાઇ અરે, પણ નાથ થયા નગણ્યાં જ અરે.
મનથી મન શેજ ગયું, પીગળી, જેમ શાકર દુધની સંગ ભળી.
કીધાં ભોજન નાથની સાથ મળી, મુખવાસ સુવાસ અપાય અરે,
મુખ તાંબુલની પીચકારી ભરી, ઉડી, અચાનક નાથને અંગ પડી,
સખી તે રજની અને તેજ ઘડી, રસીયો રીશ લાવી રીશાય અરે.
સજી શસ્ત્ર શરીર શું અશ્વ ચડી, રણ જાય પીયુ અરે, હું થી લડી.
સખીઓ વિનવું તમ પાય પડી, કરો જે રીત નાથ મનાય અરે.

(૭૨૯)—મીરાબાઈ—

સરપર ગાગર, ધરકર, ગજ ગામની, હથ હલાતી આવે
ભોલી શી ભામની ઘુતી શી દામની,પ્રીય કામની; ગજ ગામની—હથ
હસ હસ ઝુમી પાય દેવે, નભ નીચે, લાય દેવે,
મુખસેં કછુ ગાય દેવે, અમૃત, બરસાય દેવે,
નિસી અંધારી ભરીમેં,દુતી દામાની, પ્રીય કામની, ગજ ગામની—હથ

(૭૩૦)—નંદબત્રીસી—

સખી ખોલ ઘુંઘટડો, છોડાને છેડો, વાદ શું મુખ મલકાય—સ૦
વ્હાલા સંગે, રમી લે રંગે, મદમાતું જોબનીયું આ છલકાય.—સ૦
શરમે જાઇ હું બીડાઇ, કયાંથી, સ્વાર્થ સરાય,
ચઆવલી તું ચડમાં, લાડકી લડમા, અંગે અનંગ ઉભરાય.—સ૦

(૭૩૧)—પિતુભકત પ્રભાકર—

સમજે ન પ્રથમ જન કામી, પસ્તાય પછી દુઃખ પામી,
નજ અબળા પર ઇતરાજી, પર,નારથી રગના રાજી
એ અધમો પર કહું માજી, નથી રામ જરા પણ રાજી... સમજે.
હાથે બગાડે બાજી, નરી શકતા સ્ત્રી, ના રાજી,
પાકે ના છેવટ ભાજી.....................(૨)..................
સુંદર વર...ભયહર...સુખકર...હરશે ખામી......સમજે ન......

(૭૩૨)—સન્યાશી—

સહુ સાહેબો પધારો...મારી,શોભાને વધારો,...વરઘોડો,છે, મારો,આજે
ગાડી ઘોડાઓ જોડાવું—બેંડ વાજા વગડાવું. મોટી મોટારો મંગાવું.
વાગે પ—પં-પં—મોટો મંડપ રચાવું—લાઇટ કોશન લગાવું.

રૂડા ગીતો ગવડાવું........વરઘોડો.
જરીનો જામો પહેરીશ હું. છબીલો ઘોડે ચડીશ હું,
નાણાં નાંખી દઇને તું-ઘોળા માં ધુળ ઘાલે શું.
છેડો બાંધીને ચડું છબીલાની સાથે........વરઘોડો.

(૭૩૩)—સતી તોરલ—
સતિયોને ન્હેતી તનપર સુંદર સજવું ઘરેણું સાચું,
ટેકની ટીલડી કરવી લલાટે લજ્યા કાજળદ્રગ ભરીયે,
વિનયની વાળી નાકે રૂપાળી, હરી હેત હાર હૈયે ધરીરે...સતિયો.
કુલીનતા કેરી સજની સજની કોડે કુંચુકી નીત રૂડી,
ચળકે કમનીય યુગલકરોમાં દાન તણી શુભ ચુડી...સતિયો.
સાડી શીયળની અંતે ઓપાવે, અળતો પતિવ્રત કેરો.
મર્યાદા ઝાંઝર પગ ઝમકે, ચતુરાઇ ચણીયો પહેરો...સતિયો.

(૭૩૪)—મહાશ્વેતા કાદંબરી—
સખી જઇ સંદેશો કહેજે, મમ સખીને ધીરજ દેજેરે...સખી.
અસ્ત થતાં દીનકરનો નલિની, ઉદાસ મનમાં થાય,
અલ્પ પરીચયે ચકવાકી પણ, પતિ સુખને નવ ચહાય.
તજ્યું સખીએ દશાન પર નરનું, હું કયમ નામ લઉં નરવરનું,—જઇ
સમજ્યા વિણ સુખની આશામાં, પામર જીવ તણાય,
વિષ્ય ભોગ આ લોક તણા સૌ, અંતે નીરસ જણાય;
હશી પ્રથમ પરીણામે રોવું, એ વિષયે કયમ ચિત્ત પરોવું...જઇ.

(૭૩૫)—દુઃખિલા—
સખીએમએમારાપીયુવિનાપલકનાસુહાય,મારૂંરદયઆલી આંસુથીખાલી.
ધડક ધડક ધડક ધડકાય, વિરહની લ્હાય, સહિ ના જાય...મારા પિયુ.
પીયુ પરદેશ વસ્યા, શેજ હું એકલી બાળા,રેનઅંધારીભયથીડરૂંભારી,
સ્વપ્નસુતાકંઇવિપરીતઆવે, મરૂં,ઝબકીજાગીભયથીછાતી,ધડધડધડકાય.

(૭૩૬)—મુદ્રાપ્રતાપ—
સતી તણાં સુખ સૌ પતિ ચરણે, પતિ વડે ચુડી ચોટલો (૨)
પતિથી રહે અળગી પીયર તે પાપનો બાંધે પોટલો (૨)...સતી.
પીયરનાં પકવાન નકામાં, મીઠો સુકો સાસરીયાનો રોટલો(૨)...સતી.
મહીયરના રંગ મહેલ નકમાં, રૂડો અઢી ગજ સાસરીયાનો
ઓટલો (૨)...સતી.

(૭૩૭)—ઓડાણા—
સ્વામી સંભાળોરે, હે કૃષ્ણ કૃપાળા.
શરણે લેજો અનાથોના નાથ પતિ મારા.
કારણ કરણ વિધ્નં વીદારણ છો, રાધે પ્યારા, સ્વામી.
ભડ ભડ ગીરી ગીરી દવ પ્રજળતો, હરણાં પામે ત્રાસ.
શર સાંધે છે પારધી, જીવનની નહિ આશ,
આવો વારે બળ વિર, દ્રુપદ સુતાનાં પુર્યાં ચિર—સ્વામી.

(૭૩૮)—કન્યા, વિક્રયતાની ક્રુરતા—
સરસ નિરસ સુખ-દુઃખ નવ ગણીને, સંતોષ માની રહીએજી (૨)
સકળ શિરોમણી મનહર મુરતી, નામ નારાયણ લઇએજી.
સુવર્ણ પ્રભાતે નિજ પતીની સેવા, સદંતર કરીએજી.
પુર્ણ પ્રિતી મન રાખીને, સુખ સાગરમાં તરીએજી.
તો ભવ સાગર તરી જઇને, મહાસતી કહેવાઇશેજી.

(૭૩૯)—સત્યનારાયણ—
સકળ જગતનો અચળ વિષ્ણુ તું, અકળ કળા ન કળાતીઆ;
ચરણ કમળ ના વમળ મહીંઆ, જીંદગી મીઠી ગાળતીઆ,—સકળ
રંક રાય માં રાય રંકમાં, પળપળમાં પલટાવે તું. (૨)
ખરે ખટકતી મતી અટકતી, લી.........લાઃ......સકળ.

(૭૪૦)—દેવકન્યા—
સમજી લે મન મારાં તું સમજી લે મન મારાં,
ભલાં તું સમજી લે મન મારાં—(૨)
ધન વૈભવને વાડી વજીફા, અંતે તે નથી તારાં—ભલાં.
માયા નચાવે તેમ શું નાચે, ગણુ પ્રભુનાં પદ પ્યારાં—ભલાં.

(૭૪૧)—ઇન્તેકામ—
સઇયાં મોરી માનલે, મયતો હારી વારી —સઇયાં૦
ધતની બીનતી કબસે, મેં સમજા રહિ,
મોરી માનલે, લવતે, હારી વારી.
કાલી કાલી ઘટા નવા રંગ દીખલા રહી,
ચાલો સખી સેજરીયાપેં, બીજલી ડરા રહી–માનલે૦

(૭૪૨)—મીસ મલકાજાન—રાગ, જોગીયા–તાલ દાદરા—
સખીરે મૈન, પીયા બિના કછુ ના સુહાય,
તુમ તો સોતન ઘર આંવત, જાવત, મોરા જીયા. ગભરાયરે,
ન રહી દિલકે લગાનેકી, હોસ દેખલીયા,
તુમકો હમ, ખાર, મોહબતકી નજર ગૈરોં પર,
તુમકો દીલ દેકે હેં, અજીરાને બતન દેખલીયા–સખી૦

(૭૪૩)—મીસ કાલીજાન—રાગ, એમન, કલ્યાણ.
સલોનારે બાલમ મોરા;
સુરખ ચુંદરિયા તો રંગ દેતી આજ સુહાગકી રાત—સલો૦

સા (૭૪૪)—ઝેરીસાપ— સા
સાવલ બાંકેરે, નજર મોરી આગયે, ન કછું કહે ગયે, ના કછું, સુના ગયે.
મોરી બાલીસી, ઉમરીયામેં, રોગ લગા ગયે,
ક્યાં ખબરથી કે કોઇ, તીર અદા હોતા હય,

દેખ લેના કે હસીનોકા, બલા હોતા હય,
મીઠાં મીઠાં સહર્રા, દરદ ઝરા હોતા હય.
જલમેં નહાઈ, મેં હોતી હું,
કીસેસે પુછું કે મેરે દીલમેં, કયા હોય હય.

(૭૪૫)—સુરદાસ ભજન—રાગ ખ્યાલ-ઠુમરી—

સામરો ન જાણે મોરી પીડ, કનૈયો ન જાણે મોરી પીડ, એવી પરરરરરર
મેં દધી બેચન, ગઈતી બંદ્રાબન સામરવાને ખેંચ્યો ચીર ચરરરરરર
મેં જલ જમના ભરન ગઈતી, સામરવાને છાંટયો, મોંહે નીર
છાંટયો છરરરરરર
બંદ્રાબનમેં રાશ રચ્યો હે, હરીયાં હમારાં ચિત, ચીત, ચાલ્યા ચરરરરરર
સુરદાસ પ્રભુ તુમ્હારે, મીલનકું, ફેંકયો મોપે તીર (૩) વાગ્યો તરરરરરર

(૭૪૬)—હોરી સંગ્રહ—રાગ. હોરી-ચાલ કારી.

સામરા મત ડારો પિચકારી, ભીંજત મેરી નવરંગ સારી
મત ડારો મરજાદ, સુ રહીયો, મેં હુ, કન્યા કુમારી,
તુમહો, નિરલજ અમ નહિ, એસે, મુખસે દઉંગી ગારી,
ફજેતી હોયગી તુમારી-૧
પરનાર કો પાલવ પકડયો, મોહન મનમેં બિચારી,
માત તાત તેરો વરધ ભયો હે, રાજ કંસકો ભારી, કહુ સબ
એબ, વિસ્તારીરે-૨
એસી હામ હોયે હેયેમેં, પરનો નૌતમ નારી—સા૦

(૭૪૭)—મીસ અચ્છનબાઇ—રાગ, દેશ. ઠુમરી.

સાવરીઆ સુરત તેરી દેખી, કન્હૈયા, શુધ ન રહી તનમનકીરે,
જબસે ગયે મોરીરે સુધબુધ લીનીરે, હારે જીયા ગભરાવે મેરા;
કયારે કરું કુછ બસ નહિ આવે, આસ નહિ મોરે જીવકીરે. સા.

(૭૪૮)—કસોટી—

સાવરીયા મન ભાયોરે, પાપીયાર,
તનકો મનકો પ્રીતમ તમસે, અંગ ભભુત બનાયોરે. પાપી.
પંછી પીછે પ્રેમકા, પડા હકકસે જાલ,
બીધન અબ એસી કરો, ખીલી ખીલી કાજુદાર.

(૭૪૯)—લક્ષ્મી વિજય—

સાચો પારસમણી, મળે મિત્ર, ભાગ્ય કહીં,
કપટી, સ્વાર્થી, પાષાણુ છે જહીં-તહીં—સાચો૦
આધી વ્યાધી, ઉપાધી મટાવે, તન મનના, સૌ તાપ સમાવે.
પુન્યશાળિ-જન-કવચિત પામે,
વિપત્તિ શહાયક. દુર્લભ વિશ્વ મહીં—સાચો૦

સુ (૭૫૦)—જલસા સંગ્રહ—રાગ દેશ ઠુમરી— સુ

સુનો તમ યાર પરદેશી, બચન કેયશે નીભાવોગે. સુનો૦
નદીયાં જોરશે વ્હેતી, ખવૈયાં સુજ નહિ પકતી,
પોકારૂં અપને હેમતકું, લગાદે, આપાર મોરી નયાં. સુનો૦
બાળપન ખેલમેં ખોયા, જુવાની નીંદભર સોયા,
બુઢાપો દેખકે રોયા, નબી જી આશરા, તેરા. સુનો૦

(૭૫૧)—વીણાવેલી—

સુંદર શામળીયા, નામ જપીશ નિત્ય તારૂં—સુ૦
મનહરના મળીયા, કાશી કરવત ધારૂં.—સું૦
શામળા શણગાર હમારા, કાળજું હર્યું કામણગારા;
વીનવે કરગરી દીન દારા, દર્શન દો દીલદાર તમારા,
ક્યાં હું, કહું દુઃખ મોરૂં, સુન્દર શામળીયા.
આસપાસ નહીં વાસ નિહાળું, આહાહા, ત્રિભુવન ભાસતુ કાળું;
નિરખું નહીં મુખડું તારૂં, જઈ હીમાલય ગાત્ર હું ગાળું,
શાક્ષી દેવ દયાળુ,—સુંદર શામળીયા.

(૭૫૨)—બોલતો કાગળ—

સુખ હોય જો નારને નાથ તણું, ગણે સ્વર્ગીય સુખ સહુ વરણું,
સતિને નહિ માન તણું, સમણું, ધીક તે અધમી ધરે જે રૂપણું.
પતિ પ્રેમ પિયુસ પાને ઠરે, નિત્ય સ્નેહ સરિતામાં સ્નાન કરે,
બની દાશી વિલાશી ઉદાશી હરે, મન વાણી કર્મે, પતિ સહ વીચરે.
પતિ સેવી સંસાર સમુદ્ર તરે......

સે.સૌ.સં. (૭૫૩)—સુરદાસ— સે.સૌ.સં.

સેવકની અરજી સુણી, ધીરા, વગર વિલંબે ધાવો,
દયા દીન પર, દીન દયાળુ, લાલ ઉમંગે લાવો.
વૃજવલ્લભ છો, મુજને વ્હાલા,
કીંકર હું કરૂં કાલાવાલા, આ બાળકને બચાવો.—સેવક.
કરો સજીવન સ્નેહ ધરીને, મદમોહન પ્રભુ મારા,
નિરાધાર, નારીના દુઃખને, નટવર કરજો ન્યારા;
અવિનાશી આધાર તમારો; અવર કોણ છે અમારો, પરચો નાથ બતાવો.

(૭૫૪)—અંબરીષ—

સૌથી સુંદર છે, મારો નાથ મારો નાથરે,
ભક્તમણી એ દાસ કૃષ્ણજી, ગુણસાગર એ નટવર નાગર.
મોહી અમર વરને સોપ્યા હાથ (૩) રે ભક્ત,
વરવાને મન, નાભગ, નો તન, સંસારે, કરીશું એનો સાથ. (૩)રેભક્ત

(૭૫૫)—સુર્યકુમારી—
સોહામણી સ્વર્ગની વાટ, એક દીન સોહાવજો હેરાજ,
રસિલી અમરાપુરી ઘાટ, એક દીન સોહાવજો હે, રાજ.
મૃત્યુ લોકના મનુષ્ય ક્યાં, ક્યાં અમરાપુરી ઘાટ,
અઘટીટ કહો એ કેમ, બને વસમી વીકટ એ વાટ.
મુગટ મણી તમે રાજ સદનનાં, પારીજાતક તમે નંદન વનનાં,
રાજવંસિ દેવાશી રસીકવર, પ્રિતિ જ્યોત પ્રકટાવી પરસ્પર,
મેળવવાં અંતરમાં અંતર, સ્વર્ગ અમારૂં સોહાવજો હેરાજ.
(૭૫૬)—નૌતમચન્દ્ર—
સંસાર ઉનાળે શિતળ વિશામા શ્યામા,
સૌ તાપ પ્રજાળે; શાન્તિ હ્રદયમાં, વામા...સંસાર.
જોડ વિનાં જન ખોડજ ભાખે, પુષ્પ સુગંધી પ્રભુ પાસે રાખે.
કોણ સરોવરમાં જળ નાંખે, સ્વાદ મુકે કોણ આંબા સાખે...
ભણકારા ભૂલી લેવું ઉધામાં ધામાં.
લાવી મુકયો છે શાર, ઘરમાંહિ, રામા રામા.—સંસાર.
(૭૫૭)—સતિ સીતા—
સંસાર સર્વ અસાર, બંધુશે ધારો દુઃખ અપાર,
લેંણુ દેંણુ વેપાર ચુકાવી, જનમ્યું તેજ જનાર.
સંપતમાં નવ હર્ષ સજનને, દુઃખમાં ન દુઃખ લગાર,
સરખું મનથી શાણા સમજે, શીતળ જળ અંગાર—સંસાર.
વિષ સમ માને વિષયને, ભોગ ગણે સૌ રોગ,
માને મન સંસારને, નદી નાવ સંજોગ,
નામ રૂપ ધરનાર જગત સૌ, અંતે નાશ થનાર—સંસર.
(૭૫૮)—તારા સુંદરી—
સંસાર સમજીએ શાણા મુસાફર ખાનું,
કોઇ નથી ટકયું કોઇ નથી ટકવાનું—શાણા.
દુર દેશ તારો પ્યારા, અરે પરદેશી શાણા,
કાલે સવારે ઉઠી તારે તો, જવાનું શાણા—સંસાર.
સગાને સંબંધી તારાં, પંખીનો મેળો શાણા.
તારૂં જે માન્યું તેતો ન્યારૂં છે થવાનું શાણા—
સંસારના આ ધામમાં વિશ્રામ છે ઘડી ચારનો,
ઉચો ન આવે કામથી, આરામના પળવારનો,
આળશ તજીલે તું, સજી તજી તંત આ સંસારનો;
જાવું જરૂર પડશે ઉઠી, ડંકો થતાં દરબારનો.
સત્યની શીરોઇ નીતિ જળે ભરી રાખ શાણા,
ભગવત ભજન ભાતુ ભીડ ભાગવાનું.

(૭૫૯)—**મીસ ગૌહરજાન**—રાગ પીલુ. ત્રીતાલ—
સાંવરીયાં મન ભાયોરે, બાંકોયાર,
કાહુમેં હજરત, કાહુમેં મુસા, આપહી આપ સમાયોરે,
અરે કૈસે હી રંગ દીખાયોરે બાંકોયાર,

(૭૬૦)—**જયરાજ**—
સાંવરીયા મેરા પ્યારારે, ના જાઇઓ પરદેશ,
કાનોમે કુંડલ ગલે બીચ સહેલી. લઉં જોગનકા ભેસ...સાંવરીયા.

શા (૭૬૧)—બોલતો કાગળ— શા
શરમ. શરમ, શરમ, શરમ, બોળવા બેઠા નામ,
કરે છે ગુલામ, હજજન લીલામ, ખાનદાનનું નવ જરા ભાન.
થાય, આજ થાય છે, બુઢ્ઢાની આબરૂ લિલામ.
જાય, આજ જાય છે, સસ્તામાં ખાનદાન નામ,
છે ખરીદનારનો ચઢાવો, ને ફુટી બદામ.
એક-બે-ત્રણુવાર-સોદો તમામ, વન-ટુ-થ્રી-ટેમ-સોદો તમામ,
કયાં ધનવાન તણુ ખાનદાન, કયાં એ ગરીબ નોકર ગુલામ,
નાક કપાયું સહુ ઓળખીતામાં, થુથુ, કહી સહુ. થુંકસે ગામ.

શા (૭૬૨)—**સતી દ્રૌપદી**— શા
શામળીયાજી, કરજો મારી સ્હાયરે, વ્હાલા ગરૂડે ચડીને, વેહલા આવજોરે,
સ્યામ સલુણા સુભદ્રાના વિરારે, આ દીન બાળાની લાજ દયાળુ રાખજોરે.
છોગાળા છે વાત છેલી, નથી કોઇ મ્હારૂં બેલી,
વા'લા તુજ ગુણુની ઘેલી, દાસી દુઃખમાં ડુબેલી.
દુઃખની દાદરે ફરીયાદ, અંતર લાવજોરે,
કૌરવ કર્મ ચંડાળ, દુશ્શાશન નિર્દય અરે.
જોતાં પાંચ ભર્તાર, પાપી પટકુળ તાણુતો,
વ્હારે આવોને, દયા દીલ લાવોને, નાથ છું અનાથ નારી, ભરૂંસોછે, ભુધરભારી
જેવી છું તેવી તમારી, વાલા ન દેશો વિશારી,
હેતે હળધરજીના, વિર, આવી ઉગારજોરે૦

(૭૬૩)—**સુકન્યા સાવિત્રી**—(**યમ સાવીત્રી સંવાદ**)
શા માટે શ્રમ કરે, સતી તુજ પતિ ભક્તિ સાચી (૨) હવે પુત્રી વળતુંપાછી (૨)
સાવિત્રી-સજ્જન કેરા સાથમાં, મેંડગ ભરીયાં સાત,
મિત્ર ભાવે સુણુજો હવે, આ દિન વનીતાની વાત;
ધર્મ જે વેદ પુરાણે ભણીયો, મુખ્ય, ધર્મ ગ્રહસ્થાશ્રમ ગણીયો.
કૃપાનાથયમ, પ્રાણુનાથ શું રહી વૃત્તી રાચી (૨) વળું મહારાજ કયમપાછી (૨
યમ-સુણી વિવેક ભરી મૃદુ વાણી, થયો પ્રસન્ન અતિ મન શાણી.
સત્યવાનના જીવત વિનાં, કાંઇ ઇચ્છીત, વર યાચી (૨) હવે.

સાવિત્રી-મહારાજ ! (મારા અંધ સાસુ શ્વસુરવર દેખતાં રાય.)

યમ-તથાસ્તુ ! ભાગ્યવતી તું અતિ દુર આવી, થાય કોથી મિથ્યા નવ ભાવી. શા.

સાવિત્રી-પતિ સમીપ શ્રમ નહી જરી, જ્યાં જાઓ મમ નાથ,

તપવ્રતઆપકૃપા વડે ત્યાં આવું તમ સાથ;સંગત સજ્જન તણી નથી સોંઘી

મૈત્રી સંત પુરૂષની મોંઘી;કૃપાનાથ મમ પ્રાણનાથશું રહી વૃત્તી રાચી(૨)વળુ

યમ-અર્થયુક્ત સંભાષણ તારૂં, બુદ્ધીમાં વૃદ્ધિ કરનારૂં,

સત્યવાનના જીવત વીના, કાંઇ ઇચ્છીત વર યાચી.-હવે.

સાવિત્રી-મહારાજ(મારાંબુદ્ધિશાળી સસરાજીને પાછું રાજ્ય પ્રાપ્ત થાય)

યમ-તથાસ્તુ! ઉત્તમ વર બે આપ્યાં ભાવે, હજી પ્રેમદા પુંઠળ આવે. શા.

સાવિત્રી-સુપાત્ર જન કરતાં કદી, સુપાત્રોનું સનમાન,

સાધુ, તો દુસ્મન તણું, પણ સાધે કલ્યાણ.

સંત પુરૂષોનો સમાન દ્રષ્ટિ, દયા તણી વરશાવે વૃષ્ટી,

કૃપાનાથ મમ પ્રાણનાથ શું, રહી વૃત્તી રાચી. (૨) વળું.

યમ-શિતળ વચન સુધાસમ તારાં, તૃષાતુરાતુરની હરનારાં,

સત્યવાનના જીવીન વિના, કાંઇ ઇચ્છીત વર યાચી-હવે.

સાવિત્રી-મહારાજ ! (મારા પિતાના કુળની વૃદ્ધી કરનારા મારે સો ભાઇ થાય)

યમ-તથાસ્તુ, સાસરીયાનું માન વધાર્યું,પીયર તણું પણ કાજ સુધાર્યું-શા.

સાવિત્રી-પર દુઃખે દુખીયા બને, દુઃખદ હ્રદય વિશ્રામ.

ભરૂષો ભારે સંતનો, ઠરવાનું શુભ ઠામ.

સ્વજન માંહી વિશ્વાસ નવ લાવે, સજ્જન ઘર પુછતું સૌ આવે,

કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃતી રાચી. (૨) વળું.

યમ-મધુરાં નવીન વચન સંભળાવ્યા, અતિશય તે મારે મન ભાવ્યાં.

સત્યવાનનાં જીવીત વીના, કાંઇ ઇચ્છીત, વર યાચી. (૨) હવે.

સાવિત્રી-મહારાજ ! (મને મારા સ્વામીથી ઔરસ સો, પુત્ર થાય.)

યમ-તથાસ્તુ ! ઘટે ના થાવું અતિ વર લોભી, તજી પુંઠ હવે જા અહીં થોભી-શા.

સાવિત્રી-સ્વધર્મ વ્હાલો સાધુને, જે ચુકે નવ લગાર,

સાંપ્રત ભુત ભવિષ્યની, ગતિ તણા આધાર;

સજ્જન ફેરે ન આશા આપી, બોલ્યું અબોલ્યું ન કરે કદાપી.

કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહિ વૃત્તી રાચી (૨) વળું.

યમ-અમુલ્ય તારાં વચન વિચારી, વાધે તુજમાં ભક્તિ મારી,

ભગવતી છેલ્લું ઉત્તમ અનુપમ, ઇચ્છીત વર યાચી. (૨) હવે.

સાવિત્રી-પુત્ર તણું મુજને દીધું પ્રભુ આપે વરદાન,

જીવીત દાન દઇ જીવનને, સત્ય કરો ભગવાન........

(૭૬૪)—બુદ્ધદેવ—
શાણાં, પહેલાના ચૂકાવો પૂરા નાણાં, બુડી મરો લેતાં દીકરીના નાણાં.
હાય નાણાં=બાંધો પાણા.
દીકરીના લઇ દામ જગમાં, સુખિયા કોણ કે'વાણા;
હરામ નાણાં સાથે મૂળના, નાણાં જાય તણાણાં—હાય.
—સસરાજી સુખેથી ભરજો, પટારામાં પાણા,
દીધીના દીધી થાશે, ગભરાવો જઇ ગાણાં—હાય,
—હડફા સાથે હેત કરીને. ફરજેતી કમાણાં;
ફોગટીયા હડફાને દેજો, ફાદે તેવાં ફટાણાં-હાય.

(૭૬૫)—સ્નેહ-સુધા—
શાણી સુંદરી શીલવ્રત ધારી, ભવથી તરીને તારનારી,
સીતા સાવિત્રી અનુસૂયા, દ્રૌપદી જેવી નારી,
અજર અમર જશ કરી ગઇ જગમાં, સુશીલા સતી પદધારી,
મંગળકારી સહુ સન્નારી તરીને તરનારી........શાણી.

(૭૬૬)—સરોજની—
શામળીયા ગીરધારી લાલા, રોકો શાને વાટડી;
કપટી કાના કામણગારા, ચાતુરી ચલાવો કરી ચાળા-શામળીયા,
હૈયામાં હરી હેતજ કયાં છે ? અમથા આંખો મારતાં વ્હાલા-શામળીયા,
તન હૃદય બે રંગજ જુદા, શીદ સંતાપો કાલા,
ભોળી ભામાને ભરમાવા, કરો ન કાલાવાલા વ્હાલા.-શામળીયા,

(૭૬૭)—લક્ષ્મી વિજય—
શાને સતાવે કામ બાળા બિચારી, ત્હારા બાણે વિંધાય કુમારી-શાને.
યૌવન આવે અમલ જણાવે, તન મન ને બહુ તાપે તપાવે,
પિડે જાણી આ નિર્બળ નારી,... ... ...શાને.

શું (૭૬૮)—અશ્રુમતી— શું

શું માયા અજબ હરીની, નહિં નીલ નમે મોટાઇ.
નથી ખબર એક ઘડીની, પાર રહે પસતાઇ;
કાળે, ચોપટ, બાજી, બીછાવી, જીવ સોગઠીયો લાવી,
દેત દુઃખ સુખ પાસે ખેલાવી, નર વા નર ખાલી,
ભટકી મરે હુંપદમાં ચગદાઇ.

(૭૬૯)—અશ્રુમતી—રાગ—અરબો.
શું નટવર વસંત, થેઇ, થેઇ, નાચી રહયો, નાચી રહયો, જગ
નચાવી રહયો.

સાખી { "કોયલ મધુર મોરલી બની; છેડે નટવરકાન.
વીરહે ઘેલી ગોપી ઘણું, તજી નીકળી અભીમાન "

રસીયા વિનાની બની બાગ, એ બ્હાવરી.
તેણું વસંત ચિત્ત વીધી ગયો—શું નટવર.

સાખી { " શીતળ સુખકર પવનની, લ્હેર ધુમે ચોપાસ.
જાણું રાધાકૃષ્ણજી, રાસ રમેછે ખાસ "

વિધવિધ પંખીના વેણ, ધુમરી ધમકેરે.
મહિમદિ મેનાંના નાદ, ઝાંઝર ઝમકેરે.

સાખી { " નવપલ્લવ વાગા ધરી, પચરંગી શીરપાઘ,
ફાગ લાગ સાંધીરમે, મદનરાજ મહાભાગ્ય "

લહેરી લાલાથી રમે લલનાઓ,લાડમાં,પ્રિતી ગુલાલ લાલ છાઇ ગયો.શું.

(૭૭૦)—મહાશ્વેતા-કાદમ્બરી—

શું કહું કથની, મ્હારી રાજ, શું કહું કથની મ્હારી,
હું તો દૈવના ત્રાસે હારી, રાજ...શું કહું.
પરખિ પારીજાતીક મેં, અરપણ કીધું મન મ્હારૂં;
પતી તજી પરલોક સિધાવ્યાં, કરી જીવતર મમ ખરૂં-રાજ.
ચંદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમનની આગે;
શુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો આકાશે-રાજ.
અરપ્યું મે સર્વસ્વ સ્વામીને, પ્રેમની કફની ધારી
તજી જગત જંજાળ સર્વ હું, પ્રીતે ભજુ ત્રિપુરારી-રાજ.

(૭૭૧)—ઈલા સુંદરી—

શું! તેજ ભરત ભુમી આએ!
બ્રહ્મ રશે ભીના રૂષી વરની વેદ, ભુમી તે આએ?...શું તેજ—
વસિષ્ટ વિશ્વામિત્ર વાલ્મિકી, વેદ વ્યાસ વળી પરાશ રાદિ,
શુદ્ધ સનાતન બ્રહ્મ તેજથી ઝળહળે જ્યોત સદાએ.
તે દૈવ ભુમી તે આએ? તે પુણ્ય ભુમી તે આએ?—શું તેજ—
ભીષ્મ, ભિમ અર્જુન કર્ણાદી, પ્રતાપી પૃથુને સરમ શિવાજી,
નામે અંતર ઉછળે જ્યાં, આર્ય તણા ઉત્સાહે,
તે વિર ભુમી તે આએ? અમ આર્ય માત તે આએ!—શું તેજ

(૭૭૨)—પાંડવ ગુપ્ત નિવાસ—

શું વદુ મુખથી વાણી છે, કઠણ કર્મની કહાણી.
પુષ્પ ખીલ્યું તું રાજ બગીચે મોજ રહ્યું તું માણી.
વિંધી વાયુ વંટોળ લીધું વૃક્ષ સમેતે તાણી છે કઠણ,
પુષ્પ પડયું આવીને પટમાં પણ વિમળ પથરાણી,
મધુપ ગણુ પાસે નવ આવે અધો ગતિને જાણી—છે કઠણ,
કાન્તિ ગઇ કરમાઇ કુસમની કીચકમાં કચરાણી.
પુષ્પ તણો પ્રભુ પુજ્યાનો, ધર્મ થયો ધુળધાણી—છે કઠણ,

(૭૭૩)—**ભક્તરાજ અંબરીષ**—
શું કહું સ્યામરે (૨) વ્હાલા તું દયાળુ પુણ્ય કામ છે—શું કહું.
સુદેશી સળગી જાશે, જગમાં તુંજ હાંસી, થાશે;
અંબ્મરીષનો ક્યાં ભગવાન છે......................—શું કહું.
મંજારી બાળ ઊગાર્યાં પાણીમાં પત્થર તાર્યા,
હરિજન દુ:ખ હરવા તારૂં કામછે......................—શું કહું.
અગ્નિમાં સત્તા તારી, મહેનત શું થાતાં વિરી,
જળ સ્થળ એ સઘળું તારૂં ધામ છે............—શું કહું.

(૭૭૪)—**કળાવતી**—રાગ પીલુ-ઠુમરી,
શું બાઇ કરમાવો કોમલ ગુલાબી આ ફુલ,
યૌવન નવ રંગેથી કંઇ ખીલતુ, ટપકે શી લાલી અમુલ—શું.
રંગનો રશીલો વેલો આવીને મળશે, ફીકું પાડો શાને નુર—શું.
ધીમા નયનોથી નયનો મિલાવી ખિલવશે પ્યારૂં આ ગુલ—શું

શી (૭૭૫)—**સરસ્વતિચન્દ્ર**— **શી**
શિતળ ચન્દ્ર જેવુ, વદન કાન્તિમાન;
નયન મીચી લે તું શાન્તિથી વિરામ
જાણે જઇ ભેટું એવા, ઉમળકા આવે છે
બોલું કંઇ બોલું ત્યાં તો શરમ દબાવે છે.
કાંઇ કાંઇ અંતર થાય, થાય, થાય, ના સ્હેવાય,
ચાલુ ત્યાં તો ચરણો, અન્યો અન્ય અથડાયે છે
લાગી લાગી આ સ્મર, લ્હાય, લ્હાય, લ્હાય, ન સ્હેવાય
જાગોજી જાગો વ્હાલા, નીંદ્રા વીસારી દો,
રાગી થઇ ત્યાગી વ્હાલા ત્યાગી સમાધી લો.
લળી લળી લાગુ હુ પાય, પાય, પાય, ઢોળું વાય.

(૭૭૬)—**વસંતપ્રભા**—
શીતાપતીનું નામ પ્યારૂં, અમને લાગે સારૂ રે-શિતા.
માયા તણાં સમણાં ઉડી ગયાં હાંરે,કીધું જગત જીઠું ન્યારૂંરે—અમને
સાચા સ્નેહીને આજે ઓળખી લીધો,ઘટમાં થયું અજવાળુંરે—અમને.

હ (૭૭૭)—**નરસીંહ મહેતો**— **હ**
હવે મને, હરી નામથી, નેહ લાગ્યો (૨)
ભાંગી ભીડ ભવનો ભય ભાગ્યો...હવે. (૨)
માયા, મંદીર, મારે મનથી મેં મુકીયાને' ઇન્દ્રીની ઓળખાણ મુકી (૨)
હેમ હીરાથી હાર મઢેલા, તે પર ચાલ્યો થુંકીરે...હવે.
કોના સુત તાત, કોના માત ભ્રાત, સરવે સ્વાર્થના સગપણ રાખે
પ્રાણ ગયા પછી, પાસે ન આવે, કાઢો કાઢો મુખ ભાખેરે.-હવે.

(૭૭૮)—અંબરીષ—

હરી પ્રેમે, પય લાવી છું, નાથ હાથ ધરજો,
ભાવ ધરી ભોગો હરી હું–કીંકરી લાવીરે,

ના વિસારી જાશો, હરી ટેક ખરી છેક,
ગોવીંદ વીણ, ગોપી જેમ ઘેલડી,

તેમ હરી પ્રેમ ભરી વિયોગી વેલડી.
છું બિહારી હું તમારી, લ્યો સંભાળી આ ઘડી નેક,

પય લાવી હું પ્રીતથી, હરી લ્યો હાથો હાથ,
ભકિત ભાવે ભેટજો, રૂડા રૂક્ષમણી નાથ.

(૭૭૯)—અંબરીષ—

હસિહસિ બોલે બાળા નવિન નવિન કરે ચાળા,
એકવાર છાની બચી, લઉં ફુતે વ્હાલા. હસી.

ઉછળે છે ઉમંગે, છલંગ ભરી શીદ કાલા,
લે પ્રીતે પકડી, લે કર પય, પાન વ્હાલા. હસી.

મુખ કમળને જોઇ, તનમન અતિ હરખાયાં,
જા પોઢી બાલુડાં, શરદ પુનમના જાયા હસી.

(૭૮૦)—મોહજીત—

હજુ નહિ આયે બાલમ, કેસે કટે રતિયાં;
બાલા જોબન મોરી છોટી ઉમરીયાં...હજુ.
સખી સંગ કોઉ નાહિ, અબતો વ્યાકુલ ભઇ,

વૃજમેં અકેલી રહી, પ્રીતમેં થક ગઇ,
બીના કનૈયા મોરી ધરકત છતિયાં...હજુ.

(૭૮૧)—જુગલ જુગારી—

હતી અમારે ઘેર મ્હેર લક્ષ્મીની ભારી,
કરમ તણે સંજોગ થયા મુજ તાત જુગારી.

દોલત મીલકત સર્વ જુગારે બેઠા હારી,
ન્હાસી ગયા લઇ સંગ દુઃખણી માતા મારી.

હૈયું ન રહે હાથ વાત વિતક સંભારી,
ક્યાં છો વ્હાલા તાતા? ક્યાં મળે માતા પ્યારી.

(૭૮૨)—બોલતો કાગળ—

હર ફેશનમાં, પોઝીશનમાં, બોયસ આઇ એમ બ્યુટીફુલ મેડમ,
જે દેખતા તે સહુ કહેતા, ગુડ ડે બાનુ વેલકમ,

મુછાળી મેડમને હરદમ, ખુશાલી, આહાહા, હાહાહા.
આઇ ગ્લાસ આંખ ઉપરને માથે વિગ કાળી,

અંબ્રેલા લેડી ફેશનની હાથમાં રૂપાળી,
છે લેડીબુટ પગમાં ને વોચ ખીસ્સે ઘાલી.
મોપર લગાવ્યો પાઉડર ગાલે લગાવી લાલી,

(જે દેખતા તે કહેતા? જુવો કાળી મડમ ચાલી;
હું અલબેલી, નાર નવેલી, સુધરેલી, કહેવાઉં બલીહારી–જાઉં.

(૭૮૩)—સત્યનારાયણ—
હઠ છોડો હઠીલી હદ થઇ થઇ થઇ થઇ,
માનો માનો મુકો મત, નહી નહી નહીં નહી.

પ્રેમ નીરની માછલી, વીરહ તિર શોષાય,
મદન માછીની જાળમાં, તરફડતી ઝપડાય.

જાશે રૂપર્ણામાં રશ્રબસ, વહી વહી વહી વહી,
આપ પાપ રેલો રમે, પેખે પરનો દોષ.

કઠણુ કરમનો દોષ જ્યાં ભાસે ના સંતોષ,
રહેવું કયાં સુધી દુ:ખ કહો, સહી સહી સહી સહી.

કેવી લીલા રાધા હરીની, થઇ થઇ થઇ થઇ
વાત ટુંકમાં પતાવતાં વધી ગઈ........હઠ.

હા (૭૮૪)—મીસ ગૌહરજાન—રાગ, જીલા—તાલ. ત્રીતાલ હા
હાય સૈયાં, પરૂમેં તોરે પૈયાં, સતાવો કાહે મોયકો,
પિયા પ્યારે સજનપેં જાઉં વારી, મોહે બિરહકી મારી, કયો કટારી.

કટારી મોરે સૈયાં, કયોં મારી મોરે સૈયાં,
પલપલીયાં, તલમલીયાં એકલીયાં, હો રહૈયાં—હાય સૈયાં.

બિરહકી મારી, મૈંતો ઝારકરૂંગી, કૈસે નિવડો, તુમ હાય.
મોહ કાહે સતાયે મોહે કાહે જરાય, જીજલાય, તરસાય, હાય સૈયાં.

(૭૮૫)—સંસારી સાવિત્રી—
હાય ધરીબી તણી જે પીડા, અમીર શું જાણે (૨)

ઝળ (૩)બળે મુજ મનમાં,એનીજ,મનમાં કાંઇ ન આણે હાય (૪) ગ.
જળ સુકાતાં, સરીતા કેરૂં, જળચર પામે દુ:ખ ઘણેરૂં.

દરીયાના પાણી જો હોરે,હરૂં,જળ વિણ દુ:ખ શું એ પરમાણે.—હાય(૪)
ભુખ ઉદરમાં શીરપર ભારો, પીડા પામ્યો જયમ કઠીયારો,

શું જાણે સવારી કરનારો, જમે ભાવતું જે નીત ટાણે,હાય.(૪)ગ૦
(૭૮૬)—વિક્રમ ચરીત્ર—
હાલો, વ્હાલો લાલા, મારા બાળા, કુંવર મારા કાલા,
ઝુલોને આનંદમાં, લાગે મુખડું વ્હાલું, હાસ્ય મંદમાં.
રહો માના વિસામા ચમનમાં, હસતા સુમનમાં,

વ્હાલાઓના વૃંદમાં, હાલ મ્હાલો, મામાના ભુવનમાં;
ઓછું,આણે રખે રાજ મનમાં, જઇશું થોડા દિનમાં વતનમાં ભુલંદમાં—હા.
(૭૮૭)—સરોજની—
હાય મેણુલાં મારે, પિટયો મેરૂલો, હાય મેણુલાં મારે;
જરી કરૂં છણકો ત્યાં ધિંગો, ધોકો લઇ ધમારે—પિટયો.

હું પણ બળમાં, તેમજ કળમાં, કયાં છું એથી કાચી,
એ ઉગામે ખોટી છક્કડ, હું ઠોકી દઉં સાચી...પિટયો.

બબ્યા ધણી તો રહે બડબડતા, આપણું રહીએ રમતાં,
તોપણ હું તો હારી ગઇ છું, દુખડાં ખમતાં ખમતાં—પિટયો.

હી. હું (૭૮૮)—લક્ષ્મી વિજય— હી. હું
હીલમીલ સજની મીલે મોહનસે; મેરી લાગી લગન બાલા પનસે;
મેરા બાલા જોબન બળખાય, વનમાલિ બીના ન સુહાય;
મન મોહ લીયો બંસિ ધુનસે... ... ...હીલમીલ,
બની ચટળ નુકીલી ચાલ મુરખ હસ હસત કે નંદલાલ
કરે ઘાયલ મદ ભરે નયનસે, ...હીલમીલ,

(૭૮૯)—નંદ બત્રિસી—
હીંચે હીચોળે નવેલડી અલબેલડી—હીચે
મણીએ મઢી, હીરલે જડી વિધીયે ઘડી, મહધેવડી, રસવેલડી:
મન મોહીની મોહી, સુરજ જાળી થા તુંશું જુવે.
તુજ પષ્મણી પત્ની નણી, નથી બ્હેન ભાન ભુલ્યો તું એ,
આં તરૂણીનાં તેજ આગળ તોલ તારો તું ખુએ,
કીરણ સતાવે કેમ તું ખશ સાંભળીશ મુખથી શું એ.
કરમાય છે કુમળી કળી છબી છેલડી—રસવેલડી—હીંચે.

(૭૯૦)—સુકન્યા-સાવિત્રી—
હું નથી એવી ભોળી (૨) હવે તો રહીરે—હું.
પાવરધી થઇ પુરી, મારી જોડ જડે નહી ખોળી—હું.
નિત્ય કજીયા કંકાશ કરી ઘરમાં સળગાવું હોળી—હું.
"પ્રસંગ આવે પરખાસે બાઇ, તું ગળણું ગોળી.
ભલે ભાયડો ભીખ માંગે, ખાંધે ભેરવે ઝોળી,
આપણે બાઇ ઘીમાં ઝબોળી, ખાઇએ ખીરને પોળી.

(૭૯૧)—સુરદાસ—
હું ભજન, કરીશ, હરીનું, સદા સુખે. ભજન૦
આ સંસાર, આગ, સમ લાગે, મિથ્યા ફાંફા મારી, હારી–ભજન૦
નહિં કોઇને કેવા તમારી, વાત આ બંધાઉં છું,
રાખો ભરોશો હૃદયમાં, હું—દેવના સમ ખાઉં છું.
છોડો ક્ષમા લાવી મને, ઝટ આહીંથી જાવા દીયો,
સંતોતણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દીયો.

(૭૯૨)—સુરદાસ—
હું હવે નાચ્યો બહુજ ગોપાલ, કામ ક્રોધના પરિધાનો,
કંઠે વિષયની માળ, મહદ મોહનાં નેપુર વાજે.
નિંન્દા શબ્દ રસાલ.......................હું હવે.
કોટી કળાઓ નાચી બતાવી, ના રહ્યો કાળનો ખ્યાલ,
સુરદાસની સર્વ અવિદ્યા, દુર કરો નંદલાલ........હું હવે.

(૭૯૩)—જગતસિંહ—
હું છું રંગીલો જુવાન, ફક્કડ અક્કડ ચાલું આમ,
જાણું છું વિદ્યા તમામ, રસિકલાલ મારૂં નામ.
બંદાના રૂપ આગળ માનો, કામદેવ પણ તુચ્છ,
કંઇ કામની પીડા થાય છે, જોઇને મારી મુચ્છ.
એકકો છું, વિદ્યામાં તેથી, પંડીતમાં પંકાઉં,
કવ્વાલી પુરો ગાવા માંહી, રાગ રાગણી ગાઉં.

(૭૫૪)—શારદાવિજય—
હું તો પ્રેમની જોગણુ, પીયુને શોધવા ચાલી,
શોધવા ચાલી; પીયુને શોધવા ચાલી—
રાજની ભોગણુ, બની સરતાજની જોગણુ, પીયુ.
પ્રેમની કફની ધરીને, પ્રેમની ઝોળી,
અંગે ભભુતી પ્રેમની-બસ પ્રેમથી, ચોળી. પીયુ.
કરું સાધના શ્રંગારની, કરું સ્યામનું દરશન,
રટું મંત્ર માળા કર લઇ, બસ પ્રિયતમ-પ્રિયતમ. પીયુ.

(૭૫૫)—સરસ્વતિચન્દ્ર—
હું પરણું કદી નહિ, પીડા ધરું નહિં શીરે કદાપી સંસારની,
રહું બાળ કુમારી. સદા બ્રહ્મચારી ભકિત કરું વિશ્વાધારની
પ્રિતી તણાં પીંજર વિષે પરવશ થઇ પડવું નહિં...
સંબંધીઓના બંધથી બેડીથી તન જડવું નહિ......
આ નાટકી સંસારનાં, દુઃખો મહિં મરવું નહિ.
અમૃત ગણીને વિષય વિષ, પીવાનું મન કરવું નહિ.
જુઠી માયાના અંધારામાં હું પડું નહિ, રહી વાત હ્રદય વિચારના

(૭૫૬)—વસુંધરા ઉર્ફે બેધારી તલવાર—
હું રશવેલી મદઘેલી નારી તરશી, પ્યારની(૨)નારી તરશી પ્યારની(૨).હું
હું યુવતી કામણગારી, નર નયન બાણુથી મારી, રમું રંગે રસની રેલી......નારી...હું
કોઇ લાગ લહેરી જો આવે, રતિ સુધા સરસ પિવડાવે તે તરૂવરને હુંવેલી નારી. ....તરશી પ્યારની......હું......

(૭૫૭)—ખુબસુરતબલા—
હુવે બાઇ કોટ, મીસા ટીનપાટ, ગઇ તેરી, મેરી જોરૂજી. (૨)
કયશી ડાલ.થી લુટ, માંગે ડાસનકા બુટ, કભી લાવે ન સુટ.
તો જાયે મડમ રૂઠ, અયસી બનીથા ફેશન પે,લોટ,
મુજે તો મેરી જોરૂને સમજાયા ભોટ ગઇ ઘરસે બલા,
પાપ સરસે ટલા, "અબ તો વોહ ટોપી, અમ્માના વોહ પુરાના;
જામા, સજા કે, ફરેંગ ઠાઠ. વાહ.

હે. હો. (૭૫૮)—સન્યાસી— હે. હો.
હેરી આઇએ ગુન ગાઇએ રાધાવરકો,જાઇએ જીવનપર વારી. પ્રીય પ્યારી.
કુંવર કનૈયા બંશી બજૈયાં, ધેનુ ચરૈયાં, લેવું બલૈયાં......હેરી.
લટકે લટકે આવન લાલ, સોહાવે સંગ ગ્વાલ.
રાધાકો પ્રાન પ્યારો, નટવર શ્રી નંદદુલારો,
હસત હસત મોરો મન હરલીનો જ્ઞાન ખાનપ ના....હેરી.

(૭૯૯)—સતી દ્રૌપદી—
હો, કનૈયાજીરે, અમને મોહન માયા લગાડી. અલબેલા.
વનમાં વેણુ વગાડી, અલબેલા૦ હો.
સાખી { "બંસીબટ-પનઘટ-નિકટ-તટ-યમુના-યદુવિર,
"નાચે નટવર નંદના, હરી હળધરના વિર,
લીલી લવિંગ લતા, શોભતીજીરે,
લીલાં વનવૃક્ષ વેલ વાડીઓજીરે. મારા વાલમજી.લી૦
સાખી { "ચાલો સખી જઇએ ત્યાંજ્યાં વસે વૃજરાજ.
"નીર ભરંતા પ્રભુ મળે એક પંથ બે કાજ.
રશીયાજી રાસ રમાડોરે, અમને રસીયાજી રાસ રમાડો.
સગીરે સંધ્યાની આવી, સરખી સાહેલી,
આનંદે અંગે પમાડોરે, અમને રસીયાજી રાસ રમાડો.
સાખી { 'બંસીબટ સમ બટ નહીં, નંદ ધામ સમ ધામ.
'વૃંદાવન સમ વન નહીં, કૃષ્ણનામ સમ નામ"
કાનજીને માથે, મણી જડયાં મોળીયાંરે,
તારા મોડીયાનો બડો બડો ઠાઠ, ખમા, ખમા-રૂપાળા-કાનને,
કા'નજીને માથે, પાળા પીતાંબર, પેરીયાં કાનજીને કાને-
કુંડળ હૈયે હાર, ખમાખમા, લટકાળા કા'નને. હો કનૈયા.
(૮૦૦)—પ્યારા સાહેબ—
હોરી આજ જલે ચાહે, કાલ જલે, મેરા કુંવર કન્હાઇ
મોસે આન મિલે હો૦
મુજબિરહનકો, બીરહા સતાવે, સુની સેજ મૈંકા, ડસડસ જાવે.
મૈંતો જરત બરત હોરીસે; શામસુંદર મોસે આન મીલે-હો.
(૮૦૧)—સુંદરવેણી—
હોકો બોલે ગુડ ગુડ, માંહે ભર્યું છે પાણી;
આગલા તંબાકુ લા; લા દે ઠંડા પાણી, વાહરે મારા હોકા,
હોકો વ્હાલો લાગેરે. મને હોકો વ્હાલો લાગેરે, ભાઇ ભાઇ;
હોકો વ્હાલો લાગે, ચારનો, ચોવડાયોને, દીલ્લીનો દીવાન; ભાઇ (૨)
હોકો વાલો લાગે (૩)
ચલમતો ચતુરાઇ કરે ને હોકો હરીની માયા;
ખલેચીમાં હાથ નાખીં જાવે, (૨)
જાણે ગંગાજીમાં નાવ, ભાઈ ભાઈ હોકો વ્હાલો લાગે (૩)
વહુને વળાવી, દીકરીનું આવ્યું આણું,
ખાધા પિધાની વાત ન જાણું, ભાઇ(૨)મેઠા હોકો તાણું ભાઇ ભાઇ(૨)
હોકો વ્હાલો લાગે, (૨) વ્હારે મારા હોકા. હોકા (૨)
ડુંગર ઉપર દરિયો બળે, ને દરિયો કરે પોકાર.
ચતુર હોય તો ચેતજો. ફરજ કરે વિચાર—વ્હારે મારા હોકા.

(૮૦૨)—સતી પદ્મીની—

હાંરે, કોઇ વાલમને લેઇ આવોને, હાં મને છેલા રંગીલા મેળાવો.
જુલમી જુવાની, આ હાય દીવાની, લલીત વીલાશી, એ વાલમ વિના;
રંજની અંધારી હા, લાગે નકારી.
ચતુર ચકોરીને ચન્દ્ર વિના, હાય બળી, હું હાય બળી હું.
પિયુ પિયુ તનથી તલસી રહી...

(૮૦૩)—મહાશ્વેતા કાદંબરી—

હાં. જઇ મળુ આજે મિત્રને, પ્રાણુ પ્યારા......હાં જઇ.
સુન્ય હૃદય આ મિત્ર વિનાતું, જેવું પુષ્પ સુવાસ વિનાતું.
તુંજ વિરહે, હત ભાગ્ય હું માનુ,
ભેટીશ ભગવતી સુંદરીને, મનોહરી મધુરીને મળાશે.
મનમાન્યો મદનોત્સવ થાશે, ભેટીશ ભગવતી સુંદરીને—હાં જઇ.

(૮૦૪)—માલતિ માધવ—

હાંહારે, મને ઠગી, ઠગી, મને ઠગી, ઠગારે મને ઠગી,જાણીને ભોળી નાર.
ખોટા બોલી શાને ખુવે છે ભાર,-આ છે ખોટા કરાર (૨)
ખોટા ખોટા ! હા ખોટા......ઠગી......

સાખી { "અંતર પ્રેમ વિના બધા નિષ્ફળ કોલ કરાર,
"એ વિણ કો દંપતિ તણો, નવ સુધરે સંસાર.

આ છે ખોટા કરાર... ... ...ઠગી.

(૮૦૫)—સુર્ય-કુમારી—

હાં હારે અમ્મર ધામ તણા વાસી-સુખરાશી,
પ્રેમ માર્ગ ના પ્રવાશી દેવાંશી.
પ્રેમની પરિસીમાં તો જાણે જગમાંહી કોઇ.
વિરલા દેહ ધારીઓ તો ભાવના જુદીજ જોઇ,
જાણી-જોઇ માણી જોઇ, અંતરે પ્રમાણી જોઇ.
ધોઇ અંતરનાં આંસુથી વિશ્વની ઉદાસી,
જેની દૈવી જ્યોતિ, જગમાં પ્રકાશી—અમ્મર.

(૮૦૬)—નરપિશાચ—

હારે ગુંથી જુલમની જાળ બને કાળ વિકરાળ.
કેમ દીનના દયાળ દીલ સાંખસે.
ભુંડા જનની ભુંડાઇ વેરી નાંખશે, ભલા જનને સદાય સાથ રાખશે-હા.
ક્રુર કશ્યપ કુમાર હણ્યા કેરથી, નીચ કીચક ચિરાય ઝેર વેરથી,
પાપી અંતે પિડાય, કુડાં કર્મો ઉભરાય,
ખરસાણી વાવીને, મીઠાં ફળ ચાખ,શે............હારે.

(૮૦૭)—ખુબસુરતબલા—

હાંરે ગોરી ચાલો, ન ઠારો, અરે લી અલબેલી,
દેખો, બારાસા જોબના, લુંટે, ન કોઉ, સાહેલી અલબેલી...હાં દેખો.
સખીરી, મય હારી, મય હારી, મોહે ન સતાઓ, અય જાઓ,
કાહે રંગીલેસે, પ્યારી, નેહા લગાયા બતલાવો.
જાઓ અબ ન બોલુંગી, તુમસે, ગુઇયાં રાર. ન મચાઓ,
ગઇ સબ જાન સખીયાં, કરકે ધાન કાહેકો છુપાત,
મનકી બાત ભેદ કહત હય, મોહની અંખીયા—ચાલો૦

(૮૦૮)—(પ્રસિધ-કર્તા-નામ દર્શક) રાગ-ભજન.

શા માટે મુંઝાય મનતું ભાવે હરી ભજીલે, મનતું,ભાવે હરી ભજીલે.
રસનાએ ના વિચાર દીવાનાં, હેત હરીથી કરી લે......મન તું
તનમન ધનથી શેવ હરી તું, તજના અણુંપણુ એનેરે,
નંદકુંવર, શું પ્રીત કરી લે, તો તરશે તું ભભવથીરે......મન તું.
લાવખત કથી કથી કહું છું, તન મન ધન સૌ અરપિદે
લક્ષમિપતી ના ચરણકમળમાં ચીત ,ચુનિ' તું જોડી દે-મન તું.
આહ મોટમ મહારાજ તણી. એ કળે કોણ આ જગ માંહિ,
નેતી, નેતી, વેદ વખાણે, પાર ન જેનો કોઇ પામે......મન તું.
કર કૃપા કરુણાળું કેશવ,-દાસ—'ચુનિ' શીશ નામે,
લાજું છું પ્રભુ હું તમ આગળ, મુજ દીલની વાતો કે,વાને-મન તું
લક્ષમાં લેજો દિન દયાળું અંતર ઉદ્દગાર સેવક નાએ,
સુખ દુઃખ વિત્તિ, એ લખ્યું લેલાટે, દો,રો. સઘળી તારે હાથ-મન તું.
રટણુ કરૂં તારૂં હું મનથી, શમજું ના બીજું કંઇ નાથ.
તનમનથી પ્રભુ વિનંતી કરૂં એ. દયાળુ આપીશ 'ચુની' ને'દે-મન તું.

ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ

ભાગ ૪ થો સમાપ્ત.

સદા, શ્રિમંત. તમો માટે, હમોને કયમ સતાવો છો ?
દયા સાટે હમોને દમ, તમો કયમ, શેઠ, બતાવો છો !
હમો નિચ નોકરો તેથી, હમારૂં ભાન, ભુલાવો છો !
ન કરતાં કૈં, કદર, કો'દી, છતાં ! ઉલટાં, સતાવો છો !

o　o　o

હમોએ વિશ્વાસુ થઇને, લીધાં માલિક, પુરા માની,
અને હમારૂં શિર તમ ખોળે, મુક્યું, એ વાત ના, છાની !
કરી પરવાં હમો એનાં, કદી કો'દી. હમારી કંઈ,
રહ્યાં હમે સદા મશગુલ, હમો ફરજે, ફરજ માં રઈ !

o　o　o

સદા ઈચ્છયું, હમોએ તો, ઉન્નતિ શેઠની થાવો,
છતાં ! ગરદન, હમારી પર, તમો કયમ વા'ર ઝુકાવો !
તમારાં એક શબ્દથી, હમે નિચે ઝુકી રહિયે,
છતાં, તમો શેઠ, તે માટે, નકામા શબ્દ સુણાવો છો ?

o　o　o

હમોને આપી મ્હોટી, લાલચ, તમોએ, ફંદે ફસાવ્યા,
હમારી જાત મહેનતથી, તમો શ્રિમંત કહે, વાયા;
ન'કદર, કંઈ તેહની કરતાં, જણાવો' ભિક્ષુના રાયા,
કહેવાતાં કહેવતે જે ત્રણ, તમો ! તે માંની, છો, માયા.

o　o　o

કરે, કો' વાત, તમોને કંઈ ! ખરી ખોટી જો તમ કાને,
લગાવે, મસ્કો, હાજી, હા, નો, તો, તમો જાતાં ધરે વાને;
ગૃહતાં મર્કટોનું જ્ઞાન, વિચરતાં નહિ કદી જ્ઞાને,
કરતાં બશ, કુદા, કુદ, ત્યાં, ખોટી, મોટાઇએ તણાવાને.

o　o　o

હમો વિશ્વાસે રહ્યાં વળગી, તમારા તે'જે અંજાઇ,
હમારાં દેવ, તમે, બીજાં, એમ, માની બેઠા હમે ચાંહી.
હમારી માલ મિલકત શૌ, તમારે ત્યાં દીધી મુકી,
હમારી જીંદગાની શૌ, તમારે ત્યાં મુકી વિંધી.

o　o　o

રાખ્યો, એક આશરો તમપર, માલિક તમને ગણી લઇને,
બન્યાં તેથી હમો લાચાર, તમારાં વિશ્વાસે. વઇ,ને;
કરાવિ કામ, ન આપો દામ, સોંપી સુપરતમાં જ,મે લેતાં,
કે'તાં દામ, રહવા દે. ઠામ, થશે તમ હાથમાં વે'તાં.

o　o　o

થશે હયાં થઈ રકમ સરભર; જશે તમ પાશ ઉડી અદ્ધર,
દો રહેવા, હયાં તમે રળતર, થદા વિશ્વાસુ થાવાને;
તમારૂં તે તમારૂં છે, હમારૂં ના કદિ પણ તે,
પણ સચવાશે હયાં શિર સાટે, એ તમારાં લાભ ને માટે.

o　o　o

વહિ મુખે મીઠડી બોલી, હમારૂં સૌ લિધું તોલી,
પછીથી આપવાં ખાતે, કહેતાં માપ જુદું છે;
પડતી ગમ નથી તમને, હમારી ઇન્સાફી, સહો,
હમારાં દફતરે બોલે, તમારૂં કેંવું ખોટું છે.

o　o　o

રાખી બે કાટલાં એવાં, કરી રહેલાં જે ધન શેવાં,
એવાં શેઠ, ને શઠ, હેવાં, કહો તેમાં શું, ખોટું છે;
ફકત જો શઠ કેવામાં, મળે ના ઇલકાબ પુરો તો,
સોનેરી ટાળીના સભ્યો નો, ઈલકાબ પુરતો છે.

લખનાર:-જુ+મ. શાહ.

જ્યોતિષશાસ્ત્ર.

એ, ખરૂંજછે. એમ હવે સર્વ કોઇ માનવા લાગ્યાં છે. જ્યોતીષ એ એક એવું શાસ્ત્ર છે; કે એ વિદ્યાને દર્પણ એ શબ્દની ઉપમાં આપવામાં આવે તો તેમાં કશી એ અતિશયોક્તિ કેહેવાશે જ નહિ !

કારણ કે દર્પણ મુળસ્વરૂપને મુળરૂપમાં જોતાં વારજ બતાવે છે, તેવીજ રીતે જ્યોતીષશાસ્ત્ર પણ માણુસ જાતનાં ભાગ્યનાં દર્પણ રૂપે છે. એ એક વ્યાજબિ અને સર્વ માનનિય દર્શણીક પુરાવો છે, સિદ્ધાંત છે !

જો તમારે ભાગ્યનો ભરમ જાણવો હોય, ગ્રહદોષથી ઉપજતી પીડા તથા તેનું નીવારણ જાણવું હોય, લાભહાની, યશ ! અપશય વીગેરે બાબતો જાણવી હોય, જો તમારે માનશીક, શારિરીક ? વ્યહુવારીક ! અને આર્થીક, સ્થીતી જાણવી હોય, જો તમારે. ભવીષ્ય કાળ અને વર્તમાન સમયનું ભાન જ્ઞાન જાણવું હોય, તો એકવાર હમોને અવશ્ય મળો અથવા લખો.

હમો હમારા લાંબા વખતનાં અનુભવથી, અનુભવી ઓને ખાત્રીકરાવી આપી છે, અને જઓને ખાત્રી થઇ છે, તેઓનાં મોડે આશ્ચર્યતાના ઉદ્દગાર નીકળ્યા વગર રહયાંજ નથી, જેની ખાત્રી માટે તેવાં હજારો-બલકે લાખો જીવતાં જાગતાં સરટીફીટીકો વિધ્યમાન છે.

હમો જ્યોતીષ શાસ્ત્ર ને આધારે જન્મફળ. વર્ષફળ. પ્રશ્નફળ. વીગેરે બાબતો સંતોષકારક રીતે. કરી આપીએ છીયે. તેમજ ગણીત શાસ્ત્ર અને. ફાલ, (પાસા.) નંખાવી મનનો ધારેલો પ્રશ્ન કહિ આપીએ છે !

તો આથી હમો સર્વને ભલામણ કરીએ છીએ. કે આ બાબતનો લાભ લેવા કોઇએ ચુકવું નહિ.

જ્યોતીષ ! થી, રોજગાર ધંધામાં લાભ મળે છે. ધાર્યું કામ સિદ્ધ થાય છે. લાભ હાનીનું જ્ઞાન મળે છે, વીગેરે દરેક. જાતનાં, લાભો મળે છે ! એકવાર જ્યોતીષશાત્રનો અનુભવલ્યો, અને ખાત્રી કરો.

વધુવિગત તથા કામકાજ નાં દર. માટેનું પ્રાઇસ્લિષ્ટ મંગાવો બ્હારગામ વાળાઓને પોષ્ટ દ્વારા, આ બાબતનો પુરનો લાભ મળે છે.

મળો-વા-લખો.

જ્યોતિષી-રેવાશંકર ભવાનીશંકર

જ્યોતિષ-કાર્યાલય-ઝપરીયાશેરી-સુરત.

પરમા ઉપર ઉતમ મિશ્રણ—આ મિશ્રણ વાપરવાથી ગમે તેટલાં વખતથી કોઇપણ જાતનો નવો તેમજ જુનો પરમો નાશ થાય છે. તેમજ પ્રમેહથી થતાં બીજાં દરદો પણ નાબુદ થાય છે, પ્રમેહના દરદ માટે આ રામબાણ ઇલાજ ઇલાજ છે. કીં. બા. રૂ. ૧-૦-૦

દંતરક્ષક ચુર્ણ—આ ચુર્ણથી હાલતાં દાંત મજબુત થાય છે. દાંતના સર્વંત્રકારના રોગનો જડમુળથી નાશ થાય છે. કીં. ડબ્બી ૧ના ૬, આના

મેદો વાયુ—આ રોગથી, શરીર એકદમ મોટું થાય છે. પેટ હાથ જાગ ઇત્યાદી અવયવોમાં (મેદ) ભરાવવાથી શરીર સ્થુળ (જાડુ) થાય છે. આ રોગ ઉત્પન્ન થવા પછી સ્વાસ, અશક્તી, મંદાગ્નિ નષ્ટ વિર્યતા વી. રોગો, થાય છે. આ રોગ હમારી દવાથી દોઢ માસમાં ગમે તેવો જુનો હોય તો એ નાબુદ થાય છે, પરંતુ તે જો વધુ જોરદાર હોય તો તેને ત્રણ માસ લાગે છે. અને તેટલાં વખત પછી શારીરીક સ્થીતી ઘણીજ સુધરી છે. કીં. ૪૫ ગોળીની ડબ્બી, રૂા. ૨) વ. ૨ાા તો. તેલ બાટલી ૧ એકનો રૂા. ૧)એકંદર રૂ. ૩-૦-૦

સુવર્ણ ધાત્રી તૈલ—આ તેલ ચારોલી, બદામ, કંકોલ એ- લાયચી. વીગેરે કીમતી વનસ્પતિના સત્વોમાંથી તૈયાર કરેલું છે અને તે શરીરે ચોળવાના ઉપયોગમાં આવે છે. અને એનાં ઉપયોગથી, અસ્પમાર, ઉન્માદ, વા. ચકરી. વી રોગો જલદીથી નાબુદ થાય છે. તેમજ આ તેલ માથામાં નાંખવાથી વાળ કાળા ભરાઉ ચકચકીત અને સુંવાળા થાય છે. તેમજ આ તેલ શરીરે ચોળી સ્નાન કરવાથી શરીરની દુર્ગંધ દુર થઇ શરીર સુવાસિત રહે છે તેમજ દરાજ ખસ ખુજલી વી. ચામડીનાં દરદો, નાશ પામે છે. તેમ તેવાં દરદો ફરી થતાં પણ નથી, તેમજ માથામાં નાંખવાથી આંખનુ તેજ વધે છે શાન્ત નિંદ્રા પણઆવે છે અને આંખ વિકાર વગરની સ્વચ્છ રહે છે કી. બાટલી ૧નો રૂ. ૧-૪-૦

આ સિવાય સુરંગી, માલતી, રાજવિલાસ, લક્ષ્મી વિલાસ, પુષ્પરાજ, બાદશાહી ઉંચા અતરો જેવા કે, ગુલાબ, હીનો, કેવડો, ચમેલી. વી. સુગંધી અત્તરો અને માથામાં નાંખવાનાં દરેક જાતનાં સુવાસીક તેલો હમારે ત્યાં વ્યાજબી ભાવે મળશે.

સુચના—ઉપર જણાવેલાં ઔષધો અને સુગંધી મલ સંપુર્ણ ખાત્રીથી આજ પચ્ચીશ વર્ષ થયા હીંદુસ્તાનથી તે આસામ સુધી લાખો લોકોએ વાપર્યો છે અને વાપરે છે, અને તેથી તેનો હંમેશાં વધુ અને વધુ ખપ ઉઠાવ ચાલુજ છે. અનુભવ થયેથી પુર્ણ ખાતરી થશે એક વાર વાપરી ખાત્રી કરો માલ રોકડેથી અગર વી. પી. થી મોકલવામાં આવશે. પેકીંગ. ટપાલ ખર્ચ વી. પી. ચાર્જ કી. ઉપરાંત, સામટો લેનારને ભરપુર કમીશન આપવામાં આવશે.

લખો—

કૃષ્ણ શાસ્ત્રી બિવલકર વૈદ્ય.

મુ૦ પો૦ આંજર્લે તા, દાપોલી જી. રત્નાગીરી.